


# સલાત

લી: મૌલાના મોહમ્મદ તકી હાફિઝ
અલ્વી હદીસ ગ્રુપ +91 9624829314

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ........ 4
બાલીગ થવાની નિશાનીઓ ........ 7
વુઝું ........ 9
વુઝું માં ત્રણ વસ્તુ મુસ્તહબ છે અને સાત વસ્તુ વાજીબ ........ 10
અઝાન - ........ 11
અઝાનના સવાબ ........ 12
નમાઝની હદીસો ........ 14
નમાઝની ખુસુસિયાત ........ 15
નમાઝની ફઝીલત ........ 18
નમાઝીને જે ત્રણ વસ્તુ દુનિયામાં કામ લાગશે. ........ 19
નમાઝીને જે ત્રણ વસ્તુ સકરાતના સમય (મરવાના સમય) ઉપર મળે છે ........ 19
નમાઝીને જે ત્રણ વસ્તુ કબ્રમાં ખુદા આપશે. ........ 19
નમાઝી માટે જે ત્રણ વસ્તુ મેહ્શરમાં આપવામાં આવશે. ........ 20
જે ત્રણ વસ્તુ સેરાત ઉપર આપવામાં આવશે. ........ 20
નમાઝ કબુલ થવાની શરતો: ........ 21
નમાઝમાં વધારે સવાબ ........ 26
કુરઆન પઢવાનો સવાબ ........ 28
તારીકે સલાતની સજા ........ 29
જે ૬ સજા દુનિયામાં બે નમાઝીને મળશે ........ 30
જે ૩ સજા મરવાના ટાઈમ ઉપર બેનમાઝીને મળશે: ........ 31
જે 3 સજા કબ્રમાં બે નમાઝી ને મળશે: ........ 31
જે ૩ સજા મેહશરમા બેનમાઝીને મળશે: ........ 32
જે ૩ વસ્તુ પુલે સેરાત ઉપર બેનમાઝીને મળશે: ........ 32
તારીકે સલાત (બેનમાઝી) કોને કહેવાય? ........ 33
બેનમાઝી કાફિર છે. ........ 36
નમાઝ અવ્વલ વક્ત ઉપર પડો: ........ 37
નમાઝને લગતા મસાએલને યાદ રાખો! ........ 38
નમાઝ અદા કરતી વખતે પઢવાની દુઆ ........ 40
નમાઝ અદા થઇ જાય પછી પઢવાની દુઆ ........ 40
નમાઝ અદા કર્યા પછી જરૂર તસ્બીહે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) પઢો ........ 41
નમાઝ અદા કર્યા પછી દુઆને એહમીયત આપો. ........ 44
વાજીબ નમાઝ પછી શુક્રનો સજદો જરૂર કરો. ........ 44
વાજીબ નમાઝની સાથે મુસ્તહબ નમાઝની એહમીયત ........ 46
નમાઝે શબની એહમીયત ........ 47

દુઆ ........ 48
દુઆ કેવી રીતે કરવી જોઈએ ........ 49
કેવા લોકોની દુઆ જલ્દી કબુલ થાય છે. ........ 53
દુઆ શા માટે કબુલ નથી થતી. અથવા કબુલ થાય છે? ........ 54
કઇ વસ્તુથી તમારી દુઆ કબુલ નથી થતી. ........ 56
દુઆ મોડી કબુલ થાય એનું કારણ ........ 59
દુઆના આદાબ ........ 62
અમુક દુનિયાને લગતી વાતો વસીયતે જનાબે લુકમાન ........ 65
જે નેક કામ દરરોજ કરવાથી રોજીમાં વધારો થાય છે: ........ 69
અમુક કામ એવા છે કે જે દુનિયામાં હરામ છે મગર આખરેતમાં હલાલ ........ 70
અઝાન એકામત અને નમાઝ નો તરજુમો ........ 73
જરૂર વાંચો! ........ 81

بسم الله الرحمان الرحيم

**નમાઝ અને દુઆ**

**નમાઝ, સલવાત, તસ્બીહ અને દુઆની ફઝીલત તથા નમાઝ તર્ક કરનારને અઝાબ.**

# પ્રસ્તાવના

**અય લોકો કે જે ઈમાન લાવ્યા છો અલ્લાહનો બોવ વધારે ઝિક્ર કરો અને સવાર સાંજ તસબીહ કર્યા કરો**

**(સુરએ સજદહ : ૪૧-૪૨)**

**આ સાચું અને હકીકત છે કે તમામ ઇબાદત ઇતાઅત અને વાજીબાત અદા કરવાનો ટાઈમ નક્કી કરવામાં આવ્યો છે. જો અલ્લાહના ઝીક્રનો કોઈ પણ ટાઈમ નક્કી કરવામાં નથી આવ્યો તો હંમેશા તમે ખુદાનો ઝીક્ર કરતા રહો એટલે હંમેશા અલ્લાહો અકબર, અલ્હામ્દોલીલ્લાહ અને સુબ્હાન અલ્લાહ, સલવાત વગેરે...ની તસ્બીહ પડતું રેહવું જોઈએ કારણકે અલ્લાહના ઝિક્ર માટે કોઈ ખાસ સમય નથી દરેક સમયે કરી શકો છો.**

**આ દુનિયા કે જે જલ્દી જલ્દી પોતાની મંજીલ તરફ ચાલી રહી છે અને આ દુનિયામાં રહેતા માનવી પોતાની દુનિયા હાસિલ કરવા માટે સવારથી લઇને રાત સુધી માલ અને દૌલત કમાવા માટે નીકળે છે. અને આપસમાં એક બીજા કરતા, વધારે દૌલતમંદ બનવાની કોશિશ કરે છે.**
**અને આ દુનિયાને હાસિલ કરવા માટે અમુક દીનદાર લોકો પણ નીકળી જાય છે. એટલે જ્યારે દુનિયા હાસિલ કરવા માંગે છે ત્યારે તે દીનને ભુલી જાય છે. નમાઝ અને દુઆ અને ઇબાદત વગેરે ભુલી જાય છે. મજલીસ અને અઝાદારી ભુલી જાય છે. જે ઈમામે હુસૈન (અ.સ.) એ પોતાની જાન માલ અને ઔલાદને ખતરામાં**

નાખી દીનને બચાવ્યો છે તે ઈમામને ભુલી જાય છે અને ફક્ત દૌલત કમાવામાં લાગી જાય છે. અને એ પણ નથી વિચારતા દુનિયામાં ફક્ત વધારેમાં વધારે ૧૦૦ વર્ષ જીવી શકશે પરંતુ જો ઇબાદત, સારા કામ, આખેરત માટે કામ કરશે જ્યાં હમેશા રેહવાનું છે તો તેની આ ઈબાદત કામ આવશે દુનિયાની કોઈ પણ વસ્તુ કામ નહિ આવે.

આપણે દુનિયામાં ફક્ત દૌલત અને માલ કમાવવા માટે નથી આવ્યા આપણે અલ્લાહની ઇબાદત કરવા માટે આવ્યા છે કુરાન માં સાફ સાફ કેહવામાં આવ્યું છે અને અલ્લાહ ફરમાવે છે કે 'અય ઈન્સાનો તમને ઈબાદત કરવા માટે પૈદા કરવામાં આવ્યા છે અને ઇબાદત એટલે કે અલ્લાહની બંદગી જેમાં નમાઝ દુઆ તસ્બીહ અને એ દરેક જાએઝ કામ કે જેની અલ્લાહે રજા આપી છે જો કોઈ હલાલ રીઝ્ક કમાવવા જાય છે તો તે પણ ઈબાદત છે બસ ખાલી ધ્યાન એ રાખવાનું કે આ કામ માં એટલા વ્યસ્ત ન થઇ જાય કે નમાઝ અને બીજી અલ્લાહની બંદગી ભૂલી જઈએ, તો ઈબાદત એટલે દરેક હાલતમાં અલ્લાહની બંદગી કરવી. અને શૈતાન હમેશા માણસની પાછળ પાછળ હોય છે જેથી તે માણસને સારા કામ કરવાથી અને અલ્લાહની બંદગી થી રોકે અને શૈતાન ને દૂર કરવાનો બેહતરીન રસ્તો હમેશા વુઝું થી રેહવું, નમાઝ, અને સજદો છે જો માણસ સવારે ઉઠી નમાઝ અદા કરશે તો શૈતાન ૫૦ % તેનાથી દૂર થઇ જશે, અને જો શૈતાન માણસને પોતાના કબઝા માં કરી લેશે તો એવા કોઈ પણ ગુનાહો બાકી નહિ રહે કે આ માણસ નહિ કરે અને શૈતાન થી બચવું હોય તો અલ્લાહ સાથે અને અલ્લાહની બંદગી માં રેહવું જોઈએ કારણકે અલ્લાહે શૈતાન ને કીધું છે મારા સાલેહ અને સારા બંદાઓ તારા બેહાકાવવામાં નહિ આવે.

આ કિતાબનું નામ નમાઝ અને દુઆ રાખવામાં આવ્યું છે. એટલે કિતાબમાં નમાઝની ફઝીલત. અને નમાઝ અદા ન કરીએ તો શું અઝાબ અને નમાઝને લગતી વસ્તુઓ બયાન કરવામાં આવી છે જે મુખ્તસર લખવામાં આવી છે અને દુઆ માંગવાની ફઝીલત અને દુઆ કયારે માંગવી તે વિષે બયાન કરવામાં આવ્યું છે.

ખુદાયા બેહ્ક્કે ચહારદા માઅસુમીન (અ.સ.) અમારી આ મુખ્તસર કિતાબને તારી બાર્ગાહમાં કબુલ કરજે.

(ઇલાહી આમીન.)

# બાલીગ થવાની નિશાનીઓ

**બાલીગ થવાની નિશાનીઓ શું છે?**

**ઈંગ્લીશ તારીખ પ્રમાણે નહિ, ઇસ્લામિક તારીખ પ્રમાણે બાલિગ થઈએ છીએ. છોકરી જયારે 9 વર્ષ કમરી (એટલે ઇસ્લામી હી. સ. ) પ્રમાણે પૂરા કરે ત્યારે બાલીગ થઈ જાય છે અને ઈંગ્લીશ તારીખ પ્રમાણે 8 વર્ષ 8 મહિના અને 20 દિવસ પૂરા થઈ જાય એટલે તે બાલિગ થઈ જાય છે અને નમાઝ પડવી વાજિબ અને રોઝા રાખવા વાજિબ થય જાય છે.**

**અને છોકરા માટે ચાર નિશાનીઓ છે તેમાંથી કોઈ પણ એક નિશાની જોવા મળે તો તે બાલિગ થઈ જાય છે:**

**1 - પંદર વર્ષ કમરી  (ઇસ્લામિક હિ. સ.) પૂરા થઈ જાય એટલે તે બાલિગ થઈ જાય છે ઈંગ્લીશ તારીખ પ્રમાણે તકરીબન 14 વર્ષ 7 મહિના અને 15 દિવસ પૂરા થાય એટલે તે બાલિગ થઈ જાય છે**

**2-પ્રાઇવેટ પાર્ટ થી મની (વીર્યનું) બહાર આવવું ઊંઘમાં હોય કે જાગતા હોય (ગુસ્લે જનાબત વાજીબ થઈ જાય છે અને ગુસ્લ કર્યા વગર નમાઝ અને રોઝા સહીહ નથી.)**

**3-પ્રાઇવેટ પાર્ટની ઉપર, પેટના નીચેના ભાગમાં જાડા વાળ વધવા લાગે.**

**4-ચેહરા અને હોઠ ની ઉપર કડક અને જાડા વાળ ઊગવા લાગે.**
**(📚 જામેઅ તોવઝીહુલ મસાએલ આકાએ સિસ્તાની ભાગ 1 બાબે બુલુગ)**

**નોટ: અને જો કોઈ મસ્લો જાણતું ન હોય અને બાલિગ થાય પછી પણ નમાઝ નથી પડી અને રોઝા નથી રાખ્યા તો બન્ને વસ્તુ કઝા કરવી પડશે.**

**અને જો કોઈ જાણી જોઈ રોઝા નથી રાખ્યા તો એક રોઝા ના બદલે 60 રોઝા, અથવા 60 ગરીબને ખાવાનું આપે અથવા 60 ગરીબ લોકોને 750 ગ્રામ અનાજ આપે જેમાં ઘવ જવ રોટલી વગેરે.. અથવા એક ગુલામને આઝાદ કરે**

# વુઝું

**હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે.**

**વુઝુ કર્યા પછી વુઝુના અવ્યવો ને લૂછવાથી એક નેકી મળે છે અને જો તે અવ્યવો ને લૂછવામાં ન આવે અને તેની મેળે સુકાઈ જાય તો 30 નેકી તેની માટે લખવામાં આવે છે. (અલ્કાફી ભાગ ૩ પેજ ૭૦)**

**હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:**

**વધારે વુઝુ કરો જેથી અલ્લાહ તઆલા તમારી ઝીંદગી વધારી દે, જો મુમકિન હોય તો રાત દિવસ  વુઝુ થકી પાક રહો અને આ કાર્ય હમેશા કરતા રહો કારણ કે જો પાક હાલતમાં તમને મૌત આવે તો શહીદ નો દરજ્જો પ્રાપ્ત થશે.**

**(અમાલી શૈખ મુફીદ પેજ 60)**

**હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:**

**જો કોઈ બંદે ખુદા વુઝૂ કરતી વખતે બિસ્મિલ્લાહ હિર રહમાન નિર રહીમ પડશે તો તેના શરીરના તમામ અવ્યવો ગુનાહો થી પાક થઈ જશે.**

**(તફસીરે ઇમામ અસ્કરી અલય્હિસ્સલામ પેજ 521)**

## વુઝું માં ત્રણ વસ્તુ મુસ્તહબ છે અને સાત વસ્તુ વાજીબ

**મુસ્તહબ :**

**૧-ત્રણ વખત કાંડા સુધી હાથ ધોવે.**

**૨-ત્રણ વખત કોગળા કરે.**

**૩-ત્રણ વખત નાક માં પાણી નાખે.**

**વાજિબ:**

**૧- નિય્યત: હું વુઝું કરું છુ કુર્બતન એલલ્લાહ.**

**૨- મોઢું ધોવું: લમ્બાઈ માં માથાના વાળ ઉગવાની જગ્યાથી લઇ હડપચીના છેલ્લા ભાગ સુધી ધોવું જોઈએ અને પોહળાઈમાં બન્ને કાન સુધી જેટલો વિસ્તાર આવે તેને ધોવું જોઈએ અને ઉપરથી નીચે સુધી પાણી નાખી ધોવામાં આવે.**

**૩-૪ જમણો હાથ અને ડાબો હાથ: કોણી ની ઉપર થી લઇ આંગળીઓના ટેરવા સુધી હાથના બન્ને બાજુ આગળ અને પાછળ ઉપર થી લઇ નીચે સુધી પૂરો હાથ ધોવે.**

**૫- માથાનો મસહ: બન્ને હાથ ધોયા પછી તરતજ માથા નો મસહ કરે અને ઉપર થી નીચે મસહ કરે અને માથાના આગળ ના ભાગ ઉપર મસહ કરે.**

**૬-૭ બન્ને પગ નો મસહ: એ જ વુઝુંના પાણીથી બન્ને પગનો મસહ, જમણા પગનો મસહ જમણા હાથ થી અને ડાબા પગ નો મસહ ડાબા હાથ થી.**

# અઝાન

નમાઝ પડવા પહેલા આપણે અઝાન કહીએ છીએ આ ફક્ત છેલ્લા નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ની કૌમ ઉપર નાઝીલ કરવામાં આવી છે. એટલે આપણા નબીની પહેલા જે પણ નબીની કૌમ હતી એમની પાસે અઝાન ન હતી. ફકત આપણા છેલ્લા નબીની ઉમ્મત ઉપર સુન્નત છે. જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મક્કાથી મદીના હિજરત કરી અને મદીનામાં મસ્જીદ બનાવી પછી અસ્હાબ નમાઝના ટાઇમ ઉપર ટાઇમસર નોહતા આવી શકતા કોઇ જલ્દી તો કોઇ મોડું નમાઝ માટે આવતું હતું એટલે અમુક અસ્હાબે અર્ઝ કર્યું યા રસુલુલ્લાહ! અમારી માટે એક એવી નિશાની નક્કી કરો કે અમે નમાઝમાં ટાઇમસર નમાઝ પડવા માટે આવી શકીએ. એટલે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે જીબ્રઇલ (અ.સ.) વહી લઇને નાઝીલ થાય છે અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને અઝાન ઇનાયત કરે છે. ત્યારથી દરેક નમાઝે જમાઅત પહેલા મસ્જીદમાં મુઅઝ્ઝિન અઝાન કહે છે અને નમાઝી નમાઝ પડવા આવી જાય છે.

અઝાનનો સવાબ ઘણો બધો છે. કિતાબે 'એયનુલ્હયાત'માં નકલ કરવામાં આવ્યું છે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ અઝાનનો સવાબ આ રીતે ઝીક્ર કરેલ છે.

## અઝાનના સવાબ

૧. અઝાન કહેવાવાળા (મુઅઝ્ઝિનો) મારી ઉમ્મતમાં નબીયો, સીદ્દીકીન અને શોહદાઓ સાથે મેહશુર થશે.

૨.કોઈ પણ વ્યક્તિ ખુદાને રાજી કરવા માટે અઝાન આપે તો ખુદા ચાલીસ હજાર શહીદ અને ચાલીસ હજાર સદ્દીકીનનો સવાબ અતા કરે છે અને ચાલીસ હજાર ઉમ્મતીની શીફાઅત કરી શકે છે અને જન્નતમાં દાખલ કરી શકે છે.

૩. અને જ્યારે અઝાનમાં 'અશ્હદો અલ લાએલાહ ઇલ્લલ્લાહ' કહે છે ત્યારે સિત્તેર હજાર ફરિશ્તાઓ એમની ઉપર સલવાત મોકલે છે અને એમની માટે ઇસ્તેગફાર કરે છે અને તે કયામતના દિવસે અરશે ખુદાના સાયામાં રહેશે.

૪. અને અઝાનમાં જ્યારે 'અશ્હદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ' કહે છે ચાલીસ હજાર ફરિશ્તા એમની માટે સવાબ લખે છે.

૫. મુઅઝ્ઝીન જ્યારે ખુદાને રાજી કરવા માટે અઝાન કહે છે ત્યારે ખુદા એના બધાય ગુનાહોને બખ્શી આપે છે પછી ભલે એના ગુનાહ ઓહદના પહાડ જેટલા ભારે હોય અને જન્નત એના ઉપર વાજીબ થઇ જાય છે.

૬. કયામતના દિવસે ખુદાવંદે તબારક વ તઆલા ફરિશ્તાઓને મુઅઝ્ઝિન તરફ અલમ અને સવારી સાથે મોકલે છે અઝાન કહેવાવાળાઓ આ સવારી ઉપર બેઠે છે અને અઝાન કહે છે પછી જન્નતમાં પોતાના આલીશાન મકાન તરફ જાય છે.

૭. અઝાન કહેવાથી દુનિયામાં પણ ઘણા ફાયદા થાય છે. રોઝીમાં વધારો થાય છે. બિમારી દૂર થાય છે. ગરીબી દૂર થાય છે.

૮. હેશામ બીન ઇબ્રાહીમની રિવાયત કિતાબે 'વાકી'માં છે કે હું ઈમામે રઝા (અ.સ.) પાસે ગયો અને કહ્યું કે મારે ત્યાં ઔલાદ થતી નથી અને અમે હંમેશા બિમાર રહીએ છીએ તો અમારે માટે કોઇ દુઆ આપો. ઇમામ (અ.સ.) ફરમાવે છે : તમારા ઘરમાં અઝાન દેવાનું શરૂ કરી દયો. હેશામ કહે છે પછી હું હંમેશા મારા

ઘરમાં અઝાન કહેતો. થોડાક ટાઈમ પછી મારા ઘરમાં બાળકનો જન્મ થયો અને અમે લોકો બિમારીથી શફા પામ્યા. અઝાન કહેવાથી બધીજ બિમારી પણ દૂર થાય છે.

૯. અઝાન અને એકામત દેવામાં આવે તો ફરીશતાઓની બે લાઈન જમીનથી આસમાન સુધી નમાઝ પડે છે જેનો પહેલો અને છેલ્લો ફરિશ્તો કોઈ જોઈ નહિ શકે અને આ ફરિશ્તાની નમાઝનો સવાબ એ અઝાન એકામત પડવા વાળાને અતા કરવામાં આવશે.

# નમાઝની હદીસો

૧. નમાઝ ઇન્સાનને ખુદા તરફ પહોંચાડે છે. હદીસોમાં છે મોમિનની નમાઝ મેઅરાજ છે.

૨. જે આદમી નમાઝ નથી પઢતો તે કાફીર છે. હદીસમાં છે કુફ્ર અને ઇમાનનો ફાસ્લો નમાઝ છે.

૩. નમાઝ દીનનો પાયો છે. (પાયા વગર બધુંજ નકામુ છે.)

૪. જે લોકો નમાઝ પડવામાં ઢીલ કરે છે અથવા પઢવામાં આળસુ બને છે તેમની ઇમામ શિફાઅત નહી કરે.

૫. ઈમામે જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે અમારા શીયાઓને ઓળખવા હોય તો ત્રણ જગ્યા ઉપર જુઓ:
૧. નમાઝના ટાઈમ ઉપર નમાઝ અદા કરે ત્યારે (અવ્વલ વક્ત)
૨. અમારા દુશ્મનોથી રાઝ (ભેદ) છુપો રાખે છે
૩. પોતાના માલ અને દોલતને આપસમાં હળી મળીને વાપરે છે

# નમાઝની ખુસુસિયાત

૧. બધી વસ્તુ કરતા પહેલા ઇસ્લામમાં નમાઝ વાજીબ થઇ છે સર્વથી પહેલા હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) સાથે હઝરત અલી (અ.સ.) એ નમાઝ પઢી છે.

૨. કયામતના દિવસે જ્યારે લોકો પાસેથી હિસાબ કિતાબ પુછવામાં આવશે ત્યારે નમાઝનો સવાલ પહેલા પુછવામાં આવશે કે નમાઝ પઢી છે કે નહી?

૩. નાબાલીગ છોકરાઓને કોઇ પણ ઇબાદત કરવા માટે અઝીયત દેવાની મનાઈ કરવામાં આવી છે પણ નમાઝ માટે કહેવામાં આવેલ છે કે નાબાલીગ છોકરાને પણ નમાઝ પઢવા માટે કહો અને ન પઢે તો થોડીક અઝીયત આપો. ઈમામે જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે જ્યારે બચ્ચાઓ ૬ વર્ષના થઇ જાય ત્યારે તમે એમને નમાઝ પઢાવો અને જ્યારે ૯ વર્ષના થઇ જાય ત્યારે સરખી રીતે વુઝુ અને નમાઝ પઢતા સીખી જવું જોઇએ. અગર નમાઝ ન પઢે તો એમને મારો પણ એટલું મારવાનું કે કોઈ પણ નિશાન ન પડવું જોઈએ કારણકે મારવાનું નિશાન પડી જાય ત્યારે ઇસ્લામી કાનુન પ્રમાણે જુરમાનો લાગે છે અને જ્યારે તે નમાઝ પઢવા લાગે છે ત્યારે ખુદા એમના માતા પિતાને બખ્શી આપે છે.

૪. બધાજ અમલ કબુલ થવાની ચાવી નમાઝ છે. અગર નમાઝ કબુલ તો બધાય અમલ કબુલ અગર નમાઝ કબુલ ન થઇ તો કોઇ પણ અમલ કબુલ નહી થાય.

૫. નમાઝ સવારથી લઇને રાત સુધી કુલ ૧૭ રકાત નમાઝ દરેક મુસલમાન ઉપર વાજીબ છે.

૬. નમાઝ સિવાય બીજા બધાજ અમલ, અમુક સમયે માફ થઇ જાય છે પરંતુ નમાઝ દરેક હાલતમાં વાજિબ છે જેમકે બિમાર હોય યા ખૌફ યા બીજી કોઇ પણ હાલતમાં હોય માફ નથી તે જે પણ હાલતમાં હોય જેવી રીતે પડી શકતો હોય પડે પછી ભલે તે મરવાના ટાઇમ ઉપર હોય અગર નમાઝનો ટાઇમ થઈ ગયો તો નમાઝ પઢવી જરૂરી છે. ચાહે ઇશારાથી નમાઝ પઢવી પડે, એટલે નમાઝ બધી હાલતમાં વાજીબ છે.

૭. જેટલો સવાબ, બરકત, નમાઝ અદા કરવામાં છે એટલો બીજા કોઇ અમલમાં નથી.

૮. નમાઝ અદા કરવાથી દુનિયાની તમામ પરેશાનીઓ દૂર થઇ જાય છે જેવી રીતે કોઇ પણ કામ શરૂ કરવું હોય અને ખબર ન પડતી હોય તો ૨ (બે) રકાત કુરબતનની નિય્યતથી નમાઝ પઢો ઇન્શાલ્લાહ તમારું એ કામ પુરૂં થઇ જશે.

૯. નમાઝ નેકીમાં વધારો કરે છે.

૧૦. નમાઝ આંખની રોશનીમાં વધારો કરે છે.

૧૧. નમાઝ ચહેરાને નુરાની કરે છે.

૧૨. નમાઝ મોમીન માટે મેઅરાજ છે.

૧૩. નમાઝ ખુદાથી નઝદીક કરે છે.

૧૪. નમાઝ સાચ્ચાઓની સાથે છે.

૧૫. નમાઝ કબ્રના અઝાબને દૂર કરે છે.

૧૬. નમાઝ તમારી સાથે કબ્રમાં તમારૂ ધ્યાન રાખે છે.

૧૭. નમાઝ મેહ્શર અને સેરાતનું નુર છે.

૧૮. નમાઝ જહન્નમની આગથી બચાવે છે.

૧૯. નમાઝ જન્નતમાં દાખિલ કરાવે છે.

# નમાઝની ફઝીલત

હય્યા અલા ખયરિલ અમલ, જલ્દી કરો બેહતરીન અમલ માટે આ બહેતરીન અને સારામાં સારો અમલ નમાઝ છે. અને આ જુમલો લોકો અઝાનમાં અને એકામતમાં દરરોજ ૧૦ વખત પઢે છે.

૧. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ) ફરમાવે છે : નમાઝ તમારી સાથે કબ્રમાં એક નુરાની ચહેરો અને ખુબસુરત આદમીની જેમ હશે. જે તમારી હંમેશા મદદ કરશે. અને જહન્નમના અઝાબથી બચાવશે.

૨. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ) હદીસમાં ફરમાવે છે : કોઈ આદમી પાંચ વક્તની નમાઝ બરાબર વક્ત ઉપર પઢે અને સરખી રીતે નમાઝના એહકામની સાથે અદા કરે રૂકુઅ અને સુજુદ સરખી રીતે અદા કરે તો ખુદાવંદે તબારક વ તઆલા ૧૫ વસ્તુ એને અતા કરશે ૩ દુનિયામાં, ૩, સકરાતના સમયે (મરવાના સમય) ઉપર, ૩ કબ્રમાં, ૩ મેહ્શરમાં, ૩ પુલે સેરાત ઉપર આપશે.

## નમાઝીને જે ત્રણ વસ્તુ દુનિયામાં કામ લાગશે.

૧. ઉમ્રમાં વધારો થાય છે.

૨. માલ અને દૌલતમાં વધારો થાય છે.

૩. ઔલાદ અને બચ્ચાઓમાં વધારો થાય છે.

## નમાઝીને જે ત્રણ વસ્તુ સકરાતના સમય (મરવાના સમય) ઉપર મળે છે.

૧. પહેલી વસ્તુ એ કે જ્યારે એમનો સકરાતનો સમય આવે છે ત્યારે એમને ડર (ખૌફ) નહી લાગે નમાઝ તેને મદદ કરશે.

૨. નમાઝી મૌતથી કોઇ દિવસ પણ ડરશે નહીં.

૩. નમાઝીને જન્નતમાં દાખિલ કરી દેવામાં આવશે.

## નમાઝીને જે ત્રણ વસ્તુ કબ્રમાં ખુદા આપશે.

૧. નકીર અને મુનકીરના સવાલ એમની માટે આસાન હશે.

૨. નમાઝીની કબ્ર મોટી કરી દેવામાં આવશે.

૩. નમાઝી માટે જન્નતનો દરવાજો કબ્રમાંથી ખોલી દેવામાં આવશે.

## નમાઝી માટે જે ત્રણ વસ્તુ મેહ્શરમાં આપવામાં આવશે.

૧. જ્યારે મેહ્શરના મૈદાનમાં બધા આવશે ત્યારે નમાઝીનો ચહેરો ચાંદની જેમ નુર આપતો હશે.

૨. નમાઝીના નામે આમાલ જમણા હાથમાં આપવામાં આવશે.

૩. હિસાબ કિતાબ આસાન કરવામાં આવશે.

## જે ત્રણ વસ્તુ સેરાત ઉપર આપવામાં આવશે.

૧. ખુદા એમનાથી રાજી થઈ જશે.

૨. ખુદા એમને સલામ કરશે.

૩. ખુદા નઝરે રહેમત નમાઝી તરફ કરશે.

એટલે જ કહેવામાં આવ્યું છે. નમાઝ તમામ ઇબાદત કરતા અફઝલ અને બેહતર છે કોઈ પણ ઇબાદતની એટલી બધી અઝમત નથી જેટલી નમાઝની છે આપણા ઈમામો નમાઝ માટે વધારે સમય ફાળવતા હતા.

હઝરત અલી (અ.સ.) હઝરત હુસૈન (અ.સ.) હઝરત ઝૈનુલ આબેદીન (અ.સ.) હઝરત રેઝા (અ.સ.) રાત અને દિવસમાં ૧૦૦૦ રકાત નમાઝ પઢતા હતા,

## નમાઝ કબુલ થવાની શરતો:

કિતાબોમાં છે કે નમાઝ કબુલ કેવી રીતે થઇ શકે.

સાચી રીતે નમાઝ પડવાથી નમાઝ કબુલ થાય છે. અગર સાચી રીતે નમાઝ અદા નહી કરશું તો નમાઝ બાતિલ છે. નમાઝને સાચી રીતે અદા કરવી હોય તો જરૂરી છે, આ બાબતો ઉપર ધ્યાન રાખવું.

૧- નમાઝને લગતા મસાએલ વિષે ઇલ્મ હોવું જોઇએ. જેવી રીતે (મુકદ્દેમાત, શકીય્યાત, સહવીયાત અને મુબતેલાતે નમાઝ, નમાઝમાં શક થાય તો નમાઝ કઈ રીતે બાતિલ થાય જેવા મસાએલ યાદ હોવા જોઇએ.
નમાઝમાં સાચી રીતે કરાઅત કરવી સુરા અથવા બીજા ઝીક્રને તલફ્ફુઝ (ઉચ્ચાર)ની સાથે જેવી રીતે અરબીમાં છે એવી રીતે અદા કરવું.

અગર એક અક્ષર બદલાઈ જાય અથવા કોઇ અક્ષર ઉપર ઝબર હોય, ઝેર અથવા પેશ પડીએ વગેરેમાં ભુલ થઇ જાય અથવા કોઇ પણ એક અક્ષર ભુલાઇ જાય અથવા કોઇ પણ એક અક્ષર વધારે થઈ જાય તો નમાઝ બાતિલ છે.

નોંધ : એટલે કહેવામાં આવ્યું છે કે જો તમારી કરાઅત અને તલફ્ફુઝ બરાબર નથી તો તમારા માટે વાજીબ છે કે તમે જમાતથી નમાઝ અદા કરો.

૨. બીજી શરત નમાઝને કબુલ થવા માટે ઝકાત આપવું છે, ખુદાવંદે તબારક વ તઆલા નમાઝને કબુલ થવાની શરત ઝકાત અદા કરવાનું કહેલ છે. એટલે કોઈ નમાઝ અદા કરે મગર ઝકાત અદા ન કરે તો એમની નમાઝ બાતિલ છે.

૩. હુઝુરે કલ્બ : એટલે દિલથી નમાઝને અદા કરશો તો તમારી નમાઝ કબુલ થશે એટલે જ્યાં સુધી તમારૂ દિલ નમાઝમાં ન હોય ત્યાં સુધી નમાઝ કબૂલ નથી, બીજી હદીસમાં છે કે એક નમાઝમાં તમારૂં જેટલું દિલ લાગ્યું હશે એટલી જ તમારી નમાઝ કબુલ થવાની છે અને એક વખતની નમાઝમાં જેટલું તમારૂં દિલ નથી લાગ્યું એટલી નમાઝ કબુલ થવાની નથી.
એટલે તો આપણા ઇમામો જયારે નમાઝ અદા કરતા તો પોતાનું પુરૂં ધ્યાન ખુદા તરફ રાખતા હતા અને ખુદાના ઝીક્ર સિવાય બીજી વસ્તુ ઉપર ધ્યાન દેતા નહી. ઇમામ અલી (અ.સ.)ના પગમાંથી તીર નમાઝની હાલતમાં કાઢવામાં આવ્યું ત્યારે ઇમામને જરા પણ એહસાસ નહોતો થયો કારણકે આપનું દીલ ખુદા સાથે જોડાએલું હતું.

૪. નમાઝને કબુલ કરવા માટે એક શરત, નાફેલા અંજામ દેવું છે. એટલે વાજીબ નમાઝની સાથે સાથે સુન્નત નમાઝ પણ છે જે દરેક નમાઝની સાથે જોડાયેલ છે. જેવી રીતેઃ

- નમાઝે સુબહની નાફેલા નમાઝે સુબહ પહેલા બે રકાત છે.

- નમાઝે ઝોહરની નાફેલા નમાઝે ઝોહર પહેલા આઠ રકાત છે.
- નમાઝે અસરની નાફેલા નમાઝે અસર પહેલા આઠ રકાત છે.
- નમાઝે મગરીબની નાફેલા નમાઝે મગરીબ પછી ચાર રકાત છે.
- નમાઝે ઇશાની નાફેલા નમાઝે ઇશા પછી ૨ (બે) રકાત બેઠા બેઠા છે. (એક રકાત ગણાશે)
- અગ્યાર (૧૧) રકાત નમાઝે શબ છે જે અડધી રાતથી લઇને નમાઝે સુબ્હ સુધીના સમયમાં અદા કરવાની છે. આયતુલ્લાહ સિસ્તાની સાહબ કહે છે જો કોઈ રાત્રે ન પડી શકતું હોય તો તે ઈશાની નમાઝ પછી પણ નમાઝે શબ પડી શકે છે પણ બેહતરીન સમય ફજર પહેલા છે (નાફેલા નમાઝ બે બે રકાત કરી પડવાની છે.)

ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) અબી હમઝા સુમાલીને કહે છે કે તમારી નમાઝોને નાફેલા સાથે અંજામ આપો તો તમારી નમાઝ જરૂર કબુલ થશે.

૫. અવ્વલ વક્તઃ નમાઝ કબુલ થવાની એક શરત અવ્વલ વક્ત ઉપર નમાઝ અદા કરવી.

હદીસમાં છે અવ્વલ વક્તની નમાઝ, નમાઝી પાસેથી એક રોશનાઇ લઇને જાય છે કારણકે આપણા જમાનાના ઇમામ હઝરત મહદી (અ.ત.ફ.શ.) અવ્વલ વક્ત ઉપર નમાઝ અદા કરે છે અને આપણે પણ અવ્વલ વક્ત ઉપર નમાઝ અદા કરશું તો આપણી નમાઝ પણ ઇમામની નમાઝની સાથે ઉપર જશે. કદાચ આપણી નમાઝ કબુલ ન થઈ હોય મગર ઇમામની નમાઝની સાથે ઉપર પહોંચી હોય તો આપણી પણ નમાઝ કબુલ થઈ જાય છે.

એટલે નમાઝે જમાત પઢવાનો ફાયદો છે. કારણકે નમાઝે જમાતમાં કોઇ મોમીન આદમી હશે જેની નમાઝ કબુલ થવાની છે. અને જયારે આપણે જમાત પડી રહ્યા હોય કદાચ આપણી નમાઝ કબુલ ન થાય પણ એ મોમીન આદમીની નમાઝ કબુલ થાય છે અને સાથે સાથે આપણી નમાઝ પણ ખુદાની બારગાહમાં પોહચી જાય છે અને કબુલ થાય છે.

બીજો ફાયદો અવ્વલ વક્ત ઉપર નમાઝ અદા કરવાનો એ છે કે જ્યારે મલેકુલ મૌત રૂહ કબ્ઝ કરવા આવે છે ત્યારે તે નમાઝીને કલમો અને તલકીન યાદ અપાવે છે.

અવ્વલ વક્ત નમાઝ પઢવાથી કબ્ર જન્નતમાં ખુલશે.

હદીસઃ ઇમામ રેઝા (અ.સ.) ફરમાવે છે : એક રકાત નમાઝ અવ્વલ વક્ત ઉપર અદા કરવાથી એક હજાર રકાત નમાઝ અદા કરવાનો સવાબ રાખે છે.

૬. નમાઝ કબુલ થવા માટે બીજી એક શરત કરબલાનો મોહર (સિજદગાહ) છે અગર નમાઝી કરબલાના મહોર ઉપર સજદો કરે છે તો એની નમાઝ કબુલ થઇ જાય છે.

એટલે તુરબતે હુસૈન (અ.સ.) (ખાકે શિફા) ઉપર સજદો કરવાથી તમારી નમાઝ સાત આસમાન ફાડીને ઉપર પહોંચી જાય છે.

૭. સજદએ શુક્ર પણ નમાઝને કબુલીયત તરફ પહોંચાડે છે. હદીસમાં છે ઇમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે. નમાઝ પુરી થઇ જાય પછી એક સજદો શુક્રનો અદા કરવો જોઈએ. અને એ સજદએ શુક્રથી પોતાની નમાઝને તમામ કરો. તો ખુદાવંદે તઆલા રાજી થય જાય છે. અને ખુદા એમની નમાઝ કબુલ કરે છે.

૮. અઝાન અને એકામત કહેવાથી પણ નમાઝ કબુલ થાય છે. કિતાબે ઐનુલ હયાતમાં છે કે અઝાન અને એકામતના સાથે તમે નમાઝ અદા કરી તો તમારી સાથે ફરિશ્તાઓની બે સફ મગરીબથી લઇને મશરીક સુધી નમાઝ પઢશે. અને ફક્ત એકામત સાથે નમાઝ અદા કરો તો ખાલી તમારી સાથે જે બે ફરિશ્તાઓ છે તે નમાઝ અદા કરશે.

૯. નમાઝ જમાતથી અદા કરશો તો પણ તમારી નમાઝ કબુલ થઈ જશે. હદીસમાં છે એક વખત જમાત નમાઝ અદા કરવી એ ૪૦ વખત માણસ પોતાના ઘરમાં નમાઝ પઢે તેના કરતા વધારે બેહતર છે, બીજી હદીસમાં જીબ્રઇલ નકલ કરે છે નમાઝે જમાત પઢવાવાળા દસ લોકો હોય તો એમની એક રકાત નમાઝનો સવાબ ૭૨,૮૦૦ (બોતેર હજાર આઠસો) છે. અને દસ આદમી કરતા વધારે હોય તો નમાઝે જમાતનો સવાબ ઘણો બધો છે બધા દરિયા શાહી બની જાય, બધા ઝાડ કલમ બની જાય, બધા ફરિશ્તાઓ અને સકલૈન લખવાનું ચાલુ કરે, તો પણ આ નમાઝનો સવાબ લખી શકાશે નહિ.
જ્યારે કોઈ પણ નમાઝી પેશ ઇમામના તકબીરતુલ અહરામ પહેલા નમાઝમાં શરીક થઇ જાય તો એનો સવાબ ૭૦ હજ અને ૧૦૦૦ ઉમરહ જેટલો છે. અને એક રકાત નમાઝ જમાતથી પઢવું એ હજાર દીનાર રાહે ખુદામાં સદકો દેવા કરતાં બેહતર છે.

મગર નમાઝે જમાતનો સવાબ આપણે ત્યારે હાસિલ કરી શકીએ છીએ જયારે તે ઇમામ જમાઅત અથવા પૈશ ઇમામ આદીલ હોય.
જ્યારે નમાઝ જમાઅત પઢવાનો એટલો બધો સવાબ છે કે અગર કોઇ મસ્જીદ પાસે રહેતું હોય અને ત્રણ દિવસ સુધી મસ્જીદમાં નમાઝ જમાઅત પઢવા ન જાય તો ખુદા અને રસુલ એમની ઉપર લાઅનત મોકલે છે.
તો આપણે ખુદા અને રસુલની લાઅનત ન લેવી હોય તો જરૂર નમાઝે જમાઅતમાં શરીક થાય અથવા મસ્જીદ માં જઈ નમાઝ પડે.

## નમાઝમાં વધારે સવાબ.

૧. અકીકની વીંટી પહેરીને નમાઝ પઢવાથી બે રકાત નમાઝનો સવાબ ૧૦૦૦ રકાત થય જાય છે.

૨. જિઝએ યમાની પેહરીને નમાઝ પઢવાથી ૭૦ રકાત બરાબર સવાબ મળે છે.

૩. શાદી શુદા લોકોની નમાઝનો સવાબ ૭૦ રકાત બરાબર છે.

૪. અત્તર લગાડીને નમાઝ અદા કરવી ૭૦ રકાત બરાબર સવાબ રાખે છે.

૫. મીસવાક (બ્રશ) કરી નમાઝ અદા કરવી ૭૦ રકાત બરાબર સવાબ રાખે છે.

૬. ખજુરથી ઇફતાર કરી નમાઝ પઢવાનો સવાબ ૪૦૦ રકાત બરાબર છે.

૭. રોઝાએ મુબારક અઇમ્મા વ અત્હાર (અ.મુ.સ.)માં કરબલા, નજફ, મશહદ વગેરેમાં ૨ - રકાત નમાઝનો સવાબ ૧૦૦૦ રકાત બરાબર છે.

૮. નમાઝ પછી દુઆ અથવા તઅકીબાત (નમાઝ પછી દુઆ અને નમાઝ, નાફેલા, તસ્બીહ) અંજામ આપવી. ઈમામે મોહમ્મદ બાકિર (અ.સ.)થી રિવાયત છે કે નમાઝ પઢ્યા પછી તરતજ આ દુઆ ત્રણ વખત પઢવાથી ખુદા તમામ

ગુનાહોને માફ કરી આપે છે. કારણ કે આ દુઆમાં ખુદાની બખ્શીશનો ઝીક્ર થયેલ છે:
‘અસ્તગફેરુલ્લાહ અલ્લ્ઝી લા ઇલાહા ઇલ્લા હોવ્લ હ્યુલ કય્યુમ ઝુલ્જલાલે વલ ઇકરામેં વ અતુબો એલ્યહ’.

બીજી રિવાયતમાં છે કે નમાઝ પછી તમે આયતલ કુરસીની તિલાવત કરો તો તમારી નમાઝ કબુલ છે ખુદા એમને પોતાના અમાનમાં રાખશે અને હર બલા અને ગુનાહોથી દૂર રાખશે.

અને બીજી એક રિવાયતમાં છે કે નમાઝે સુબ્હ અને મગરીબ પછી આ દુઆ સાત વખત પડે; લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બીલ્લાહીલ અલીયીલ અઝીમ;
તો ખુદા એમનેથી ૭૦ બલાઓને દૂર કરી દેશે .

નોધ : ઘણી બધી દુઆ છે. એને પઢવાથી ઘણો બધો સવાબ છે જે દુઆઓની કિતાબમાં લખેલી છે. રસુલે ખુદા (સ.અવ..)થી રિવાયત છે કે જ્યારે પણ કોઈ નમાઝી નમાઝ અદા કર્યા પછી ખુદા પાસેથી કોઇ હાજત ન માંગે જ્યારે કે એમને હાજતની જરૂરત છે તો ખુદા મલાએકા અને ફરિશ્તાઓને કહે છે કે: જુઓ આ બંદાને કે વાજીબ કામને અંજામ આપ્યું મગર મારી પાસેથી કોઇ હાજત અને દુઆ ન માંગી અને તે મારાથી બેનિયાઝ લાગે છે એટલે એમની નમાઝ પાછી એમના મોઢા ઉપર ફેકી દયો. નમાઝ પછી પોતાના માટે યા બીજા મોમીન માટે દુઆ કરો તો ખુદાવંદે તઆલા તમારી દુઆને જરૂર કબુલ કરશે.

## કુરઆન પઢવાનો સવાબ

કુરઆનની તિલાવત કરવાનો સવાબ ઘણો છે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત છે કે કુરઆનની તિલાવત કરો કારણકે કુરઆનની તિલાવત કરવાથી ગુનાહ માફ થાય છે અને જહન્નમની આગથી નજાત મળે છે. અને જે પણ કુરઆનની હંમેશા તિલાવત કરશે તેને ખુદા પોતાના અમાનમાં રાખશે. અને એક આયતનો સવાબ સો હજાર શહીદ સવાબ બરાબર છે. અને ખુદા એમની તરફ નઝરે રહેમત ફેરવશે અને એક આયતના બદલામાં જન્નતમાં એક હુર મળશે. અને

એક હરફ (અક્ષર) પઢવાના બદલામાં.... પુલે સેરાત ઉપર મદદ કરશે અને કોઇ પુરૂ કુરઆન ખત્મ કરે તો ખુદા એમને ૩૧૩ નબીએ કે જે તબ્લીગ કરી છે એમનો સવાબ અતા કરશે, ખુદા એમનું બદન આતીશે જહન્નમ (જહન્નમની આગ)થી બચાવશે. અને એમના માતા પિતાને પણ ખુદા માફ કરશે. મગર એની માટે જરૂરી છે કે કુરઆનમાં જે લખ્યું છે તેની ઉપર વિચારે એમનો મતલબ સમજે અને તેની ઉપર અમલ કરે વગેરે........

બીજી હદીસમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ જ્યારે પણ કોઈ મોમીન કુરઆનની તિલાવત કરે છે તો ખુદા રેહમતોના દરવાજા ખોલી આપે છે અને જેટલા હરફ અદા કરે છે એટલા ફરિશ્તાઓ પૈદા કરે છે. અને એ ફરિશ્તાઓ કયામતના દિવસ સુધી એમની માટે તસબીહ પઢે છે.

ઇલ્મ હાસિલ કર્યા પછી કુરઆનની તિલાવતનો સવાબ વધારે છે અને અલ્લાહ ઈલ્મ પછી જો કોઈ બીજી વસ્તુ પસંદ કરે છે તો તે કુરાન પડવું છે. કોઈ પણ વસ્તુ ખુદાને એટલી બધી પ્યારી નથી જેટલી કુરઆનની તિલવાત, કારણ કે કુરઆનની તિલાવત રોજીમાં વધારો કરે છે, ઘરમાં રોશની આપે છે. કબ્રને નુરાની કરે છે, કબ્ર મોટી થાય છે અને અગર સાચા દિલથી અને નમાઝ પઢ્યા પછી કુરઆનની તિલાવત કરો તો સવાબ બમણો થઇ જાય છે.

## તારીકે સલાતની સજા

**(નમાઝ અદા ન કરવાવાળાના ગુનાહો)**

જે આદમી નમાઝ અદા નથી કરતો એની સાથે કોઇ વ્યક્તિ હળે મળે અથવા સંબંધ રાખે તો એના ગુનાહ સાત વખત ખાને કઅબા ખરાબ કર્યું છે અને એક હજાર ફરિશ્તાઓ ને કત્લ કર્યા બરાબર છે. અને ૭૦ કુરઆન સળગાવ્યા બરાબર ગુનાહ છે અને ખુદાની રહેમતથી દૂર રહેશે. જ્યારે કે ૭૦ પયગમ્બરને કતલ કરવાના ગુનાહ પણ છે અને આની સિવાય બીજા કેટલા ગુનાહે કબીરાનો અઝાબ તે આદમીને મળશે જે નમાઝી તો હોય મગર બેનમાઝી સાથે રહે છે એમની સાથે સંબંધ રાખે છે અને તેની સાથે હળે મળે છે આ હદીસથી ખબર પડે છે કે જે બેનમાઝી હશે તેના માટે કેટલા મોટા મોટા અઝાબ હશે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કોઇ પણ વ્યક્તિ નમાઝને સબુક (હલકી) સમજે યા નમાઝની તોહીન કરશે તો પરવરદિગાર એમને એવો સખત અઝાબ આપશે કે જેની કોઇ હદ નથી પછી ભલે તે મર્દ હોય યા ઔરત.

તેને ૧૮ સજા આપવામાં આવશે ૬ દુનિયામાં, ૩ મરતી વખતે, ૩ કબ્રમાં, ૩ મેહ્શરમાં અને ૩ સેરાત ઉપર.

## જે ૬ સજા દુનિયામાં બે નમાઝીને મળશે.

૧. રોજીમાં વધારો નહી થશે.

૨. બેનમાઝીની ઉમ્ર નાની હશે.

૩. બેનમાઝીના ચેહરા ઉપરથી નુર જતુ રહેશે.

૪. બેનમાઝી ઇસ્લામ મઝહબમાંથી કોઇ ફાયદો હાસિલ નહી કરી શકે.

૫. બેનમાઝી માટે કોઈ મોમીન દુઆ કરશે તો પણ એ દુઆમાં શામીલ નહી થાય.

૬. અને બેનમાઝીની કોઇ દુઆ કબુલ નહી થશે.

## જે ૩ સજા મરવાના ટાઈમ ઉપર બેનમાઝીને મળશે:

૧. બે નમાઝી : ઝલીલ થઇને મરશે.

૨. બે નમાઝી : પાણીની પ્યાસ સાથે મરશે પછી ભલે પુરી દુનિયાનું પાણી એમને આપવામાં આવે.

૩. બે નમાઝી : ભુખ્યો દુનિયાથી મરશે પછી ભલે પુરી દુનિયાની વસ્તુ એમને આપવામાં આવે.

## જે ૩ સજા કબ્રમાં બે નમાઝની મળશે:

૧. બે નમાઝી ગમગીન હાલતમાં અથવા ઘણા બધા ગમમાં હશે અને એની કબ્રમાં ફક્ત અંધારૂ હશે.

૨. બે નમાઝી માટે કબ્ર નાની બની જશે અને કયામત સુધી એમને નાની એવી કબ્રમાં અઝાબ અને સજા દેવામાં આવશે.

૩. બેનમાઝી સુધી ફરિશ્તાઓ ખુદાની રહેમત તેની તરફ નહીં પહોંચાડશે.

## જે ૩ સજા મેહશરમા બેનમાઝીને મળશે:

૧. બેનમાઝી (સુવ્વર) ભુંદરાની સુરતમાં મહશુર થશે.

૨. બેનમાઝીના અમલ ડાબા હાથમાં આપવામાં આવશે.

૩. બેનમાઝીનો હિસાબ કિતાબ સખ્ત લેવામાં આવશે.

## જે ૩ વસ્તુ પુલે સેરાત ઉપર બેનમાઝીને મળશે:

૧. બેનમાઝી માટે ખુદા પોતાની નજરે રહેમત નહી કરે.

૨. બેનમાઝીનો કોઇપણ વાજીબાત અથવા મુસ્તહબ અમલ કબુલ કરવામાં નહી આવે.

૩. બેનમાઝીને ખુદા હજાર વરસ સુધી પુલ ઉપર હીસાબ માટે ઉભો રાખશે અને પછી જહન્નમની આગમાં નાખી દેવામાં આવશે.

## તારીકે સલાત (બેનમાઝી) કોને કહેવાય?

બેનમાઝી લોકોને પાંચ ગ્રુપમાં વહેંચવામાં આવ્યા છે:

૧. બેનમાઝી એ લોકોને કહેવાય કે જે લોકો કોઈ દિવસ નમાઝ અદા નથી કરતા.

૨. બેનમાઝી એ લોકોને કહેવામાં આવે કે જે લોકો નમાઝ તો અદા કરે છે મગર તે સરખી રીતે અદા નથી કરતા એટલે ખોટી અથવા બાતિલ નમાઝ પઢે છે જેવી રીતે મન ફાવે તેવી રીતે નમાઝ અદા કરે છે. મસલા મસાએલ નથી જાણતા અને મસાએલ જાણવાની કોશિશ પણ નથી કરતા અને કોઇ દિવસ સાચી નમાઝ કેવી રીતે પડાય તે જાણવા માટે મેહનત નથી કરતા.

૩. બેનમાઝી એ લોકોને પણ કહેવાય કે જે નમાઝમાં સુસ્તી(આળસ) કરે છે. ક્યારેક પઢે છે અને ક્યારેક નમાઝ નથી પઢતા અથવા છેલ્લા સમય સુધી રાહ જોવે છે જ્યારે છેલ્લો વખત આવી જાય ત્યારે નમાઝ અદા કરે છે. અવ્વલ વખત ઉપર નમાઝ ન પઢે.

૪. બેનમાઝી એ લોકોને કહેવાય કે જે પોતાની વાજીબ કામ ઉપર અમલ નથી કરતા એટલે તકલીદ કરવી જોવે તો તકલીદ નથી કરતા વઝુ કરવું જોવે તો તયમ્મુમ કરે છે વઝુ નથી કરતા વગેરે. (જેવી રીતે જે વસ્તુ ઉપર અમલ કરવો જરૂરી છે તેવી રીતે નથી કરતા.)

૫. બેનમાઝી એ લોકોને કહેવાય કે જે લોકો નમાઝ પઢે છે તો પણ ક્યારેક નમાઝ કઝા થઇ જાય છે તો એ કઝાને અદા નથી કરતા અથવા વસીયત પણ નથી કરતા કે નમાઝ કઝા કરવાની છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે આ બેનમાઝી લોકો મરે છે તો મારા દીન ઉપર નથી મરતા એટલે મુસલમાન નથી મરતા. નમાઝ અદા કરવાથી ગુનાહ દૂર થાય છે.
નમાઝ અદા કરવાથી જે રીતના ઘણા ફાયદાઓ થાય છે એવીજ રીતના ગુનાહ પણ નથી થતા મગર તમારી નમાઝ સાચી હોવી જોઇએ અગર તમે નમાઝ અદા કરો છો અને સાથે સાથે તમારાથી નાના મોટા ગુનાહ અંજામ દેવાય છે તો પછી

તમારે તમારી નમાઝ તરફ જોવું પડશે કે નમાઝમાં શું ભુલ છે. કુરઆને મજીદમાં આવ્યું છે કે નમાઝ તમને ગુનાહોથી દૂર રાખે છે અગર તમે નમાઝ અદા કરો છો તો તમારાથી ગીબત ન થવી જોઈએ, જો તમે નમાઝ અદા કરો છો તો ખોટું બોલવાનું નહી, નમાઝ અદા કરો છો તો હરામ કામ કરવાના નહિ અને નમાઝ પઢો છો પણ સાથે ગુનાહ પણ થઇ જાય છે તો તમારી નમાઝમાં કાંઇક ખામી છે તેને દૂર કરવી જોઇએ કારણ કે નમાઝ ગુનાહથી બચાવે છે.

નમાઝ અદા ન કરવાથી ગુનાહોમાં વધારો થાય છે.

ઝમીન ત્રણ વખત ખુદા પાસે શિકાયત કરે છે અને રડે છે:
૧. જ્યારે કોઇ પણ મઝલુમ આદમીનું ખૂન જમીન ઉપર પડે છે.
૨. જ્યારે કોઇ તુલુએૈન (તુલુએ ફજર અને તુલુએ આફતાબ)ની દરમિયાન નમાઝ અદા નથી કરતું એટલે નમાઝ સુબ્હ અદા ન કરે ત્યારે ઝમીન શિકાયત કરે છે અને રોવે છે.
૩. અને જ્યારે ઝીના કરવાવાળા ગુસ્લ કરે છે અને એ ગુસ્લનું પાણી ઝમીન ઉપર પડે છે.

બીજી રિવાયતમાં હઝરતે રસુલે ખુદા (સ.અ.વ.) ઇરશાદ કરમાવે છે કે જ્યારે કયામતનો દિવસ આવશે ત્યારે એક એવો વીંછુ કે જેનું માથું સાતમા આસમાન ઉપર હશે અને તેની પુછડી ઝમીન ઉપર હશે તે જહન્નમમાં હશે ત્યારે જીબ્રઇલ તેને પુછશે તું કોની રાહ જોવો છો? તો તે વીંછુ જવાબ આપશે: હું પાંચ એવા લોકોની રાહ જોવું છું કે જેની સીફત આ છે:

૧. ઝકાત અદા નથી કરતા.

૨. વ્યાજને પોતાની ઝીન્દગીમાં વાપરે છે.

૩.નમાઝ અદા નથી કરતા (તારેકુસ્સલાત) છે.

૪. મસ્જીદમાં ખુદાની ઇબાદત કરવાના બદલે દુનિયાની વાતો કરે છે. પૈસા પૈસા કરે છે. જયારે કે મસ્જીદમાં ફક્ત ઇબાદત કરવાની હોય છે અને ઇબાદતની સાથે

સાથે તમે દુનિયાની કોઇપણ બાબતની વાત કરશો તો તમારી ઉપર આ શરત લાગુ થશે.

૫. જે લોકો શરાબ પીવે છે.

તો મોમીન બિરાદરો માટે નમ્ર ગજારીશ છે કે આપણે નમાઝ અદા કરવી જોઈએ અને બીજી બધીજ બુરાઈઓથી બચવું જોઇએ કારણ કે આપણે ઇન્સાન છીએ આપણા થી કોઇ ભુલ થઇ જાય કોઇ ગલતી થઇ જાય તો એનો મતલબ એ નથી કે આજ પછી આપણે ઇબાદત કરવાનું અથવા નમાઝ અદા કરવાનું છોડી દઈએ બલ્કે આપણા થી જે ભુલ થઇ ગઇ હોય એમની માફી માંગી લેવી જોઈએ ઇસ્તેગફાર કરવો જોઈએ કારણ કે ખુદા ઘણો મહેરબાન અને માફ કરવાવાળો છે. આપણે પશૈમાન થઈને ખુદા પાસે માફી માંગશુ તો આપણા ગુનાહો જે જાણી જોયને અથવા ભુલથી થઇ ગયા છે તેને ખુદા માફ કરી દેશે અને હવે પછી બીજી વખત ગુનાહ ન કરીએ એમની તૌફીક આપે અને કોશિશ પણ કરવાની કે આપણે ગુનાહ ન કરીએ. (ઇલાહી આમીન.)

## બેનમાઝી કાફિર છે.

એક આદમી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવે છે અને કહે છે કે મને કોઈ સારી વાતની નસીહત આપો. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે: કોઈ પણ દિવસ નમાઝને જાણી જોયને તર્ક ન કર. અગર કોઈ જાણી જોયને નમાઝને અદા નથી કરતો તો એ દીને ઇસ્લામથી દૂર છે.

એક બીજી હદીસમાં છે કે નમાઝ દીન નો સ્તંભ (પાયો) છે, જેવી રીતે લાકડી ખૈમા માટે સ્તંભ (પાયો) હોય છે. જ્યાં સુધી લાકડી ખૈમા સાથે બાંધેલી છે ત્યાં સુધી ખૈમો બાકી રહેશે અને જ્યારે લાકડી કાઢી લેશો તો ખૈમો તુટી જશે અને દોરી ખુલ્લી જશે અને કપડું કોઈ પણ કામનું નહી રહે કારણકે ખૈમાનો જે સહારા હતો તે લાકડી તુટી ગઇ છે એવીજે રીતે દીને ઇસ્લામમાં નમાઝ બધીજ ઇબાદતનો સ્તંભ છે જ્યારે તમારી નમાઝ ઠીક હશે તો બધીજ ઇબાદત ઠીક અને જો તમારી નમાઝ બરાબર નહી હોય તો બધીજ ઇબાદત બેકાર.

ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે: મારી શિફાઅત નસીબ નહી થાય એ લોકોને જે નમાઝમાં સુસ્તી કરે છે (નમાઝની એહમીયતને નથી સમજતા.)

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે: જે લોકો નમાઝ જલ્દી જલ્દી પડે છે એ લોકોને એ નથી ખબર કે બધાજ કામ ખુદાના હાથમાં છે. અગર ખુદા ચાહશે તો તે કામ થશે નહીંતર જલ્દી નમાઝ અદા કરીને પણ તે કામ પૂરું નહીં થાય.

નમાઝ જલ્દી પડીને કામેં લાગી જવું જયારે કે બધાજ કામ ખુદાના હાથમાં છે, બધીજ હાજત ખુદાના હાથમાં છે તો લોકો શા માટે ખુદા સિવાય બીજા કોઇ પાસે મદદ અને હાજત માંગે છે? અને જ્યારે નમાઝને સાચા દિલથી અદા કરશો તો ખુદા તમારી તમામ હાજત અને મદદ ને પુરી પાડશે.

## નમાઝ અવ્વલ વક્ત ઉપર પડો:

ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે
(૧) નમાઝની ફઝિલત અવ્વલ વક્ત ઉપર વધારે છે,
(૨) નમાઝ મોમીન માટે માલ અને દૌલત કરતા બહેતર છે.
(૩) નમાઝ અવ્વલ વક્ત પડવાથી ખુદા ખુશ થાય છે જ્યારે છેલ્લે નમાઝ પઢવાથી ગુનાહ માફ થાય છે.
જ્યારે પણ નમાઝનો સમય થાય ત્યારે કોઇ પણ જાતનું કામ હોય તો એ કામ છોડી નમાઝ અંજામ આપો. એવી રીતે ન કરવું જોઈએ કે નમાઝના સમય ઉપર કામ કરવાનું શરૂ રાખો જ્યારે કે તમને ખબર છે કે રોજી દેવાવાળો ખુદા છે. કામને કહો નમાઝનો ટાઇમ છે, નમાઝને ન કહો કામનો ટાઇમ છે.

## નમાઝને લગતા મસાએલને યાદ રાખો!

હેમાદ બીન ઇસા કહે છે ઇમામ સાદિક (અ.સ.)એ એક દિવસે મને ફરમાવ્યું કે: અય હેમાદ! શું તુ પુરી નમાઝ સરખી રીતે પડો છો ? હેમાદ જવાબ આપે છે અય

મારા સરવર, મને નમાઝને લગતી જેટલી પણ હદીસ યાદ છે એ બધીજ આવડે છેઃ તો ઇમામ કહયું: વાંધો નહી હવે તુ નમાઝ અદા કરીને બતાવ કે નમાઝ કેવી રીતે અદા કરો છો. હેમાદ નમાઝ માટે તૈયાર થાય છે કીબ્લા સામે ઉભો રહી નમાઝ અદા કરે છે જ્યારે એ નમાઝ પુરી પડી લીધી ત્યારે પછી ઇમામ (અ.સ.) ફરમાવે છે: તે નમાઝને સહી રીતે અદા નથી કરી જ્યારે તારા ૬૫ વરસ અથવા ૭૦ વરસ પુરા થઇ ગયા છે અને એમા પણ તુ એક નમાઝ બધીજ શરતો સાથે અદા નથી કરી શકતો. પછી ઇમામ કહે છે: જોવો હું નમાઝ અદા કરીને બતાવું છું. પછી ઇમામ જે નમાઝની તમામ શરતો છે તેની સાથે નમાઝ અદા કરીને બતાવે છે. અને કહે છે કે સાચી નમાઝ આવી હોય છે.

અમારા ભાઇઓ અને બેહનો! તમે લોકો મુસલમાન છો તમે જ્યારે નમાઝ માટે સમય રાખો છો તો પછી શા માટે નમાઝ અદા કરવા માટે સુસ્તી કરો છો? શા માટે બધીજ શરતો અને બધાજ મસાએલ ને યાદ નથી રાખતા અને ધ્યાન નથી રાખતા, અગર નમાઝને લાગતા મસાએલ અને એહકામ યાદ ન હોય તો શા માટે યાદ નથી કરતા? અને જેવી રીતના નમાઝ પઢવી જોવે એવી રીતે નથી પડતા? નમાઝ અદા કરો કારણ કે જ્યારે નમાઝ કબુલ નહી થાય તો કોઈ પણ અમલ કબુલ થાવાનો નથી. એ માટે આપણે આ દર્દનાક કિસ્સો પડીને શીખવું જોઈએ કે કયાય આપણી જેટલી ઉમ્ર ગુજારી ગઈ છે અને એમાં જેટલી નમાઝ પડી છે તે કબુલ થઇ હશે કે નહિ? નમાઝના પહેલા નમાઝની હાલતમાં જે વસ્તુ બરાબર અંજામ આપવી જોઇએ તે સરખી રીતે અંજામ આપીએ છે કે નહીં? વિચારવું જોઇએ અને સરખી રીતે નમાઝ અદા કરવાની કોશિશ કરવી જોઇએ! મહત્વની વાત એ છે કે આપણે જે નમાઝ અદા કરીએ છીએ તે કોની માટે અદા કરીએ છે આ વસ્તુ ધ્યાનમાં રાખવી જોઈએ કારણ કે અગર ખુદા માટે નમાઝ અદા કરો છો તો તમારી નમાઝ કબુલ છે અને જો તમે નમાઝ લોકોને દેખાડવા માટે પડો છો કે તમારી વાહ વાહ થાય લોકો તમારા બારામાં સારી ચર્ચા કરે કે જો તે માણસ કેટલી પાબંદીની સાથે નમાઝ પડે છે , તો તમારી નમાઝ કબુલ નહી થાય અને દુનિયામાં તમારી તારીફ અને લોકોની વાહ વાહ મળી જશે પરંતુ આખેરતમાં જ્યારે તમે તમારા નામે આમાલમાં જોશો તો નમાઝના સવાબમાં એક ખાલી જગ્યા જોશો તો ખુદાને પુછશો અમે તો દુનિયામાં ઘણી બધી નમાઝ અદા કરી છે તો ખુદા કહેશે: તે નમાઝોની બદલે તમને દુનિયામાં ઘણી બધી વાહ વાહ મળી ગઈ છે. કારણકે તમે નમાઝ તો અદા કરતા હતા મગર મારી યાદમાં

નહી લોકોની યાદમાં અને તમને લોકોએ વાહ વાહ આપી દીધી. અને સવાબ પણ દુનિયામા મળી ગયો.

## નમાઝ અદા કરતી વખતે પઢવાની દુઆ

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ફરમાવે છે જે કોઇ પણ નમાઝ શરૂ થવા પહેલા આ દુઆની તિલાવત કરે તો ખુદા તેને મોહમ્મદ અને આલે મોહમ્મદ (સ.અ.વ.) સાથે કયામતના દિવસે મેહશૂર કરશે.

ખુદાયા! હું તારી પાસે દુઆ માગું છું મોહમ્મદ અને આલે મોહમ્મદના વસીલાથી એ લોકોને મારી નમાઝમાં પેહલા યાદ કરૂ છું અને એમના વસીલાથી હું તારી નઝદીક પહોંચી શકું છું તો મને એમના વસીલાથી દુનિયામાં અને આખેરતમાં ઇઝઝત અને આબરૂ આપ, અને મને એમનાથી નઝદીક રાખ, અને એમની મોહબ્બત અને માઅરેફત મારા દિલમાં નાખ, એનો હું શુક્ર ગુઝાર છું એટલે મને સરખી રીતે એમની ઇતાઅત, ઓળખાણ અને ઇમામતનું ઇલ્મ આપ, અને મારા દિલને એમની મોહબ્બતથી સંપૂર્ણ કર, અને આખરી વખત ઉપર પણ એમની મોહબ્બત સાથે જાન આપું, અને તું દરેક વસ્તુ ઉપર કુદરત રાખો છો.

## નમાઝ અદા થઇ જાય પછી પઢવાની દુઆ

ખુદાયા! અમને મોહમ્મદ અને આલે મોહમ્મદની સાથે દરેક આફીયતમાં રાખ અને દરેક બલાઓથી દૂર રાખ અને અમને મોહમ્મદ અને આલે મોહમ્મદની સાથે દરેક જગ્યા ઉપર એક સાથે રાખ. ખુદાયા! અમારી જીન્દગીને એમની જેવી જીંદગી ગુજરાવાની તૌફીક આપ. અને અમારી મૌતને એમની જેવી મૌત કરાર આપ અને અમને દરેક જગ્યા ઉપર એમની સાથે રાખ અને અમારી દરમિયાન અને એમની દરમિયાન જુદાઇ ન રાખ, અને ખુદા બધી વસ્તુ ઉપર કુદરત રાખે છે.

# નમાઝ અદા કર્યા પછી જરૂર તસ્બીહે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) પઢો.

ઇમામ સાદિક (અ.સ.) કહે છે: જેવી રીતે અમે અમારા ફરઝંદને નમાઝ અદા કરવાનો હુકમ આપીએ છીએ તેવીજ રીતે તસ્બીહે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાનું પણ હુકમ કરીએ છીએ.

ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે: હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.વ.)ની તસ્બીહ પઢ્યા પછી તમારા ગુનાહ માફ થઇ જાય છે અને તસ્બીહમાં ૧૦૦ ઝીક્ર છે અને આ ઝીક્રને તરાઝુએ આમાલમાં રાખવામાં આવે તો હજારો અદદ કરતા વધારે સવાબ છે અને શૈતાન આ ઝીક્ર સાંભળી નારાઝ થાય છે. જ્યારે ખુદાએ રેહમાન પોતાના બંદાથી (આ ઝીક્રથી) ખુશ થાય છે.

ઈમામે જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે: એક વખત નમાઝ પછી તસ્બીહ પઢવી એ ૧૦૦૦ રકાત મુસ્તહબ નમાઝો પઢવા કરતા વધારે બેહતર છે.

ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે: ખુદાવંદની નઝદીક બેહતરીન અમલ નમાઝ પછી તસ્બીહ છે અને ખુદા આ ઇબાદતને વધારે પસંદ કરે છે જો બીજી કોઇ ઇબાદત પસંદ હોત તો પયગમ્બર અકરમ એજ વસ્તુને પોતાની દીકરી ફાતેમા ઝહરા (સ.અ.)ને હદીયો કરી હોત.

એટલે જરૂરી છે કે દરેક નમાઝ અદા કર્યા પછી પોતાના પગને એમની જગ્યા ઉપરથી હલાવ્યા વગર તસ્બીહના ઝીક્રને અંજામ આપવું જોઇએ. અને હા, જેટલું ખુદા તરફથી નાઝીલ થયું છે અને રસુલે બયાન કર્યું એટલો જ ઝીક્ર કરવો જોઈએ. જેવી રીતના :

અલ્લાહો અકબર ૩૪ વખત
અલ્હમદો લિલ્લાહ ૩૩ વખત

**સુબહાનલ્લાહ ૩૩ વખત છે.**
**જો કોઈ એક વખત વધારે અથવા ઓછું પડે તો તસ્બીહનો સવાબ નહી મળે.**

**તમે સવાલ પુછશો કેમ?**

**જવાબ: જો મને કેહવામાં આવે કે મેં અહિંયાથી ૩૪ કદમ પછી ખઝાનો દાટ્યો છે અને તમારે ખઝાનો જોતો હોય તો ૩૪ કદમ માપીને જાવ ખઝાનો મળી જશે જો તમે ૩૪ કદમ ચાલશો તો ખઝાનો મળશે અને તમે ૩૪ને બદલે ૩૫ ઉપર ખઝાનો ગોતશો તો ખઝાનો નહી મળે એટલે જે વસ્તુ ખુદાવંદે કરીમે તમને જેવી રીતેના અંજામ આપવાનું કહ્યું એવીજ રીતના અંજામ આપો તો જ કબુલ થશે. અગર તમે તમારા મનથી જેટલું કરવા માંગતા હોય એટલું કરો તો ફાયદો નહી થાય.**

**અને જ્યારે પણ તસ્બીહ પઢો ત્યારે સાચી અને સારી રીતે ધીમે ધીમે જેવી રીતના પઢવી જોઈએ તેવી રીતે અંજામ આપો કોઇ પણ ઉતાવળ કર્યા વગર તો ખુદાની બારગાહમાં સવાબ છે અને કબુલ પણ થશે.**

## નમાઝ અદા કર્યા પછી દુઆને એહમીયત આપો.

ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે:
(૧) મુસ્તહબ નમાઝ પડવા કરતા બેહતર છે કે વાજીબ નામઝ પછી દુઆ માંગો, હદીસમાં છે કે દુઆ , હજાર રકાત મુસ્તહબ નમાઝ કરતા વધારે બેહતર છે.
(૨) દરેક નમાઝ પછી એક દુઆ જરૂર કબુલ થાય છે.

હવે સવાલ એ પૈદા થાય છે કે નમાઝ અદા કર્યા પછી આપણે જે પોતાની દુઆ માંગીએ છીએ તે માંગવી અથવા જે દુઆઓની કિતાબોમાં છે નમાઝ પછી પઢવાની દુઆ તે પઢવી?
તો જવાબ: પેહલા અરબીમાં જે દુઆઓ છે તે પઢવી પછી સલવાત પઢી મોહમ્મદ અને આલે મોહમ્મદના વસીલાથી દીલમાં જે દુઆ અને મુરાદ છે તે ખુદા પાસે ૧૪ માઅસુમીન (અ.સ.)ના વસીલાથી માંગવી અને દુઆ પછી ફરી મોહમ્મદ અને આલે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત મોકલવી. ઇન્શાલ્લાહ દુઆ કબૂલ થશે.

## વાજીબ નમાઝ પછી શુક્રનો સજદો જરૂર કરો.

નમાઝની તાઅકીબાતમાં એક શુક્રનો સજદો છે કે જેનો સવાબ ઘણો બધો છે અને સજદો કર્યા પછી ખુદા પાસે દુઆ માંગવી જોઈએ.

ઇમામ અલી રઝા (અ.સ.) ફરમાવે છે: નમાઝ અદા કર્યા પછી તમે શુક્રનો સજદો કરો અને ખુદા પાસે આ વસ્તુનો પણ શુક્ર કરો કે તમને નમાઝ અદા કરવાની તૌફીક આપી અને તમે નમાઝ અંજામ આપો છો. નમાઝ પછી શુક્રનો સજદો આવી રીતે કરો; અલ્હમદોલિલ્લાહ અથવા ખુદાયા તારો લાખ લાખ શુક્ર કે તે અમને નમાઝ પડવાની તૌફીક આપી. અથવા ૩ વખત શુક્રન લીલ્લાહે પઢે.

ઇમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે: નમાઝ અદા કર્યા પછી શુક્રનો સજદો કરવો જરૂરી છે અને તમારી નમાઝ શુક્રના સજદાથી ખતમ કરો કારણ કે જો તમે

આવી રીતે કરશો તો ખુદા તમારાથી રાજી થશે અને પોતાના ફરિશ્તાઓને કેહશે કે તમે લોકો મારા અને મારા બંદાની વચ્ચેથી હટી જાવ અને મારી સામે ખુલ્લા દીલથી દુઆ કરવા દો કારણ કે આ બંદાએ વાજીબ નમાઝ અદા કર્યા પછી મેં એને જે આપ્યું છે તેના ઉપર રાજી છે અને મારી તારીફ અને મારો શુક્ર કરે છે. પછી ફરિશ્તાઓની સામે જોઈને ખુદા પુછે છે: આ મારા બંદાઓને શું ઇનામ આપું? ફરિશ્તાઓ જવાબ આપે છે: ખુદાયા તારી રહેમત આપ! ખુદા કહે છે: બીજું? ફરિશ્તા જવાબ આપે છે: તારી જન્નત! ખુદા કહે છે: બીજું? ફરિશ્તા જવાબ આપતા જાય છે અને ખુદા પુછતો જાય છે વગેરે વગેરે..... ત્યાં સુધી કે કોઇ પણ વસ્તુ એવી ન હતી જે બચી ગઇ હોય પછી ફરિશ્તાઓ કહે છે: અમે તો બહુજ કહી દીધું હવે ખુદાયા તું બોલ, આ શુક્ર ગુઝાર બંદાને શું આપવું જોઇએ. ખુદા કહે છે: આ બંદાઓનું ઇનામ એ છે કે હું પણ એમનો શુક્ર કરું અને મારી મહોબ્બત અને ઇતાઅત એમના દિલમાં વધારે કરી અને એ બધી વસ્તુ કે જે તમે લોકો બોલ્યા એ પણ એમને આપું: જન્નત, રહમત વગેરે..

## વાજીબ નમાઝની સાથે મુસ્તહબ નમાઝની એહમીયત

હદીસોમાં ઝીક્ર થયેલ છે કે અમારા શીયાઓ અને મોહીબ્બોની અલામત છે કે વાજીબ નમાઝની સાથે સાથે નાફેલા પણ અદા કરવામાં આવે, ઇમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે: અમારા શીયાઓ તે લોકો છે જે પરહેઝગાર હોય, વફાદાર હોય, દુનિયાની મોહબ્બત ન હોય (કારણ કે જેના દિલમાં દુનિયાની મોહબ્બત હોય છે તેના દિલમાં એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત નથી હોતી એક જગ્યા ઉપર બે વસ્તુની મોહબ્બત શક્ય નથી.), અને દરરોજ રાત અને દિવસમાં ૫૧ રકાત નમાઝ અદા કરતા હોય અને હરામ કામથી દૂર રહેતા હોય અને વાજીબ કોઇ દિવસ તર્ક ન કરતા હોય તે જ અમારા હકીકી શીયાઓ છે.

અને તારીખે ઇસ્લામ ગવાહ છે કે જે લોકો પણ આ ૫૧ રકાત નમાઝ હંમેશા અદા કરતા હોય તો તેમના ઉપર કોઇ પણ તાકત જીતી શક્તી નથી. આયતુલ્લાહ ખોમૈની (ર.હ.) કે જે એક હકીકી શીઆ હતા એમના બારામાં કહેવામાં આવે છે કે: જ્યારથી તે બાલીગ થયા ત્યારથી કોઇ પણ દિવસ નમાઝે શબ કઝા નથી થઇ અને બધીજ નાફેલા અંજામ આપતા હતા. અને આપણા

બીજા બધા મહાન આલિમો અને આયતુલ્લાહ વિષે પણ કેહવામાં આવે છે કે તેઓએ કોઈ દિવસ મુસ્તહબ અને નાફેલા નમાઝ છોડી નથી.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ ખુદાવંદે કરીમ કહે છે કોઇ પણ વસ્તુ મને રાજી નથી કરતી જેટલુ વાજીબ. હું રાજી તો થય જાવ છું મગર જ્યારે મારા બંદાઓ વાજીબાતની સાથે મુસ્તહબાત અંજામ આપે છે ત્યારે હું ઘણો ખુશ થય જાવ છું. મુસ્તહબાત એટલે વાજીબ નમાઝોની સાથે જે નાફલા નમાઝ પઢવામાં આવે, અને ખુદા કહે છે કે મને વાજીબાતની સાથે સાથે મુસ્તહબાત વધારે ખુશ કરે છે અને ત્યાં સુધી ખુદા કહે છે કે હું એમની સાથે થઇ જાવ છું અગર મારા બંદાઓ આવી રીતના મારી ઇબાદત કરે તો હું એમની આંખ સાથે આંખ થઇ જાવ છું, હું એમના કાનની સાથે કાન થઇ જાવ છું, હું એની ઝબાનની સાથે ઝબાન બની જાવ છું. પછી ખુદા કહે છે હું એના હાથ સાથે હાથ અને પગ સાથે પગ થઇ જાવ છું અને સારી સારી વસ્તુ તરફ હિદાયત કરૂ છું અને બુરી વસ્તુથી દૂર રાખુ છું કારણ કે એમના શરીરમાં ખુદાની વસ્તુ મૌજુદ છે અને ખુદા ખરાબ વસ્તુથી રોકે છે અને સારી વસ્તુ તરફ રગબત આપે છે (લય જાય છે).

એ મારા નમાઝી ભાઈઓ અગર તમે વાજીબાતને અંજામ આપો છો તો કોશિશ કરો કે સાથે સાથે નાફેલા પઢો, મુસ્તહબાત અંજામ આપો તો ખુદા તમારાથી વધારે રાજી થશે અને ઉપરની હદીસ મુજબ ખુદા હંમેશા તમારી સાથે સાથે રહેશે અને દરેક જાતના ગુનાહથી દૂર રાખશે.

## નમાઝે શબની એહમીયત

ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છેઃ ખુદાએ જનાબે મુસા (અ.સ.)ને વહી કરી ફરમાવ્યુ છેઃ અય મુસા! એ લોકો ખોટું બોલે છે જે લોકો પોતાના બારામાં કહે છે કે અમે ખુદાથી મોહબ્બત કરીએ છીએ અને અમે ખુદાને દોસ્ત રાખીયે છીએ. જ્યારે રાત થાય ત્યારે પોતાના બીસ્તર ઉપર જઇને સુઇ જાય છે. અય જનાબે ઇમરાનના ફરઝંદ! કાશ! તમે જોઇ શકતા હોત કે અગર કોઈ રાતની તારીકીમાં મારી માટે નમાઝે શબને અંજામ આપે છે તેની ફઝીલત કેટલી બધી છે. એની બે આંખની દરમિયાન હું જાહીર થાવ છું અને મારો બંદો મારી સાથે વાત કરે છે

અને હું એમની સામે હાજર થઈને એમની વાત સાંભળું છું અને મારા બંદાઓ રાતની તારીકીમાં પોતાના આંસુથી મારી મોહબ્બત એમના દિલમાં પેદા કરે છે. અને હું પણ એમની તમામ હાજતને રવા (પુરી) કરૂં છું.

દુનિયા અને આખેરત બન્ને જોતી હોય તો નમાઝે શબ અદા કરો નમાઝે શબ સવારના સુબ્હની નમાઝનો ટાઈમ થાય એની પેહલા પડો તો ઘણો બધો સવાબ છે આમ તો નમાઝે શબનો ટાઇમ અડધી રાતથી લઇને સુબ્હની અઝાન સુધીનો છે અને ઈશાની નમાઝ પછી પડો તો પણ ચાલે, અને જો વાજીબ નમાઝની કઝા થઇ જાય તો કઝા કરો એવીજ રીતે નમાઝે શબ પણ કઝાની નિયત થી પડી શકો છો ગમે તે ટાઇમ ઉપર અંજામ આપી શકો છો. વાજીબ નમાઝની જેમ જેવી રીતે તમે વાજીબ નમાઝ અદા ન કરી હોય તો તમે એની કઝા કરી શકો એવી જ રીતે કઝા નમાઝ તમે મુસ્તહબ નમાઝ માટે પણ પઢી શકો છો.

## દુઆ

અત્યાર સુધી આ કિતાબમાં નમાઝનો ઝીક્ર, નમાઝનો સવાબ, નમાઝની ફઝીલત વગેરે બયાન કર્યું છે અને હવે પછી દુઆ કેવી રીતે કરવી, દુઆ માટે ટાઇમ શું છે? દુઆ કોની કબુલ થાય છે? દુઆ કઈ રીતે કબુલ થાય? તે બયાન કરવામાં આવશે. ઇન્શાઅલ્લાહ.

ખુદા કહે છે : મારી પાસે દુઆ માંગો હું, તમારી દુઆ કબુલ કરીશ.

## દુઆ કેવી રીતે કરવી જોઈએ

૧. નમાઝ અદા કર્યા પછી સાચા દિલથી અગર તમે ખુદા પાસે દુઆ કરો તો દુઆ જરૂર કબુલ થશે.

૨. જ્યારે પણ તમારે દુઆ કરવી હોય તો દુઆ પહેલા એક વખત સલવાત પડે અને દુઆ પછી એક વખત સલવાત પડે, તો દુઆ જરૂર કબુલ થશે.

૩. દુઆ માંગતી વખતે ૧૪ માસુમીન (અ.સ.)નો વસીલા અને વાસ્તો આપો.

૪. દુઆ કરવી હોય ત્યારે ખુદાના જે નેક બંદાઓ હોય જે ખુદાના સાચા અને હકીકી બંદા હોય છે એમનો વાસ્તો આપો (એક લાખ ચોવીસ હજાર નબી, જનાબે અબ્બાસ (અ.સ.) કે જે બાબુલ મુરાદ છે, જનાબે ઝયનબ (અ.સ.), જનાબે સકીના (અ.સ.) વગેરે..નો) તો પણ દુઆ જલ્દી કબુલ થશે.

૫. દુઆ પોતાની ભલાઈ અને પોતાની કૌમ અને મીલ્લતની ભલાઇની માટે હોય.

૬. તમારા મોમીન ભાઈ માટે દુઆ કરો તો તમારી દુઆ જલ્દી કબુલ થાય છે.

૭. દુઆ વધારે કરવી, હઝરતે અલી (અ.સ.) ફરમાવે છેઃ દુઆ મોમીન માટે ટેકો છે અને જ્યારે પણ તમે વધારે દુઆ કરશો તો તમારી દુઆ કબુલ થશે.

૮. ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે : ખુદાવંદે તબારક વ તઆલા બધીજ વસ્તુ જાણે છે અને જ્યારે બંદાઓ દુઆ કરે છે ત્યારે એના દિલની મુરાદો શું છે એ પણ જાણે છે મગર ખુદા ચાહે છે કે એમના બંદાઓ પોતાની હાજતો એક એક કરી માંગે જ્યારે પણ દુઆ કરવી હોય તો દુઆ અને હાજતના નામ લઇ ખુદા પાસે દુઆ માંગો. એટલે ખુદાની મસલેહત હશે તો દુઆ કબુલ થશે.

૯. કોઇપણ બલા અથવા પરેશાની આવે એની પહેલા દુઆ કરતી રહેવી. ખુદાયા અમારેથી તમામ બલાઓ પરેશાની અને તકલીફો દૂર રાખ. અગર બંદાઓ હંમેશા ખુદા પાસે દુઆ માંગે. તો ખુદા એમની ઉપર કોઈ પણ જાતની પરેશાની પહોંચવા નહી દે.

૧૦. ખુદાની પાસે રીક્કત સાથે દિલ થી દુઆ માંગે.

૧૧. બધા એક સાથે દુઆ કરે તો પણ દુઆ જલ્દી કબુલ થાય છે. ઇમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છેઃ ૪૦ આદમી એક જગ્યા ઉપર એકઠા થઇને ખુદા પાસે

દુઆ માંગે તો ખુદા દુઆ કબુલ કરે છે. અને ૪૦ આદમી ન હોય અને ૪ આદમી હોય તો એ ચાર લોકો ૧૦ વખત યા અલ્લાહો, યા રબ્બે પઢે તો ખુદા દુઆ કબૂલ કરશે.

દુઆ માંગો મગર દુઆ માંગવામાં જલ્દી ન કરો ઈમામ બાકિર (અ.સ.) ફરમાવે છે: ખુદાની કસમ કોઈ પણ મોમીન આદમી ખુદા પાસે પોતાની હાજત અને દુઆમાં જલ્દી ન કરે કારણ કે ખુદા બધા ની હાજત પૂરી કરવાવાળો છે.

ઇમામ જાફર સાદિક (અ.સ.) કહે છે: દુઆને હંમેશા ખુદા પાસે માંગવી જોઇએ. મગર એમાં જલ્દી ન કરવી જોઇએ.

અને દુઆ કબુલ ન થાય તો એમાં એની મસ્લેહત હોય છે.

(દુઆમાં જલ્દી ન કરો એટલે ખુદાને ન કહે ખુદાયા એટલા ટાઇમથી તારી પાસે દુઆ માંગુ છું તો પણ મારી દુઆ કબુલ નથી થઇ મારી દુઆ ક્યારે કબુલ થાશે.)

ખુદાની પાસે દુઆ માંગો તો શીર્ક ન કરો ખુદાને સાચા દિલથી માનો અગર તમે મતલબથી ખુદાને માનો છો તો તમારી દુઆ કબુલ નહી થશે એટલે કે જ્યારે તમારી ઉપર કોઇ પરેશાની તકલીફ અથવા કોઈ કામ આવી પડ્યું હોય ત્યારે જ ફક્ત તમે દુઆ કરો તો ફાયદો નથી. હંમેશા હર નમાઝ પછી ખુદાનો શુક્ર અને ખુદા પાસે દુઆ માંગતા રહો જેથી તમારી અવાજ ખુદાને જાણીતો લાગે અગર ક્યારેક દુઆ કરો છો તો ખુદા કહે છે, આ તો કોઇ નવો અવાજ છે એટલે હંમેશા અને હર હાલતમાં ખુદાનો શુક્ર કરો, અને ખુદા પાસે દુઆ કરતા રહો ચાહે તમારી દુઆ કબુલ થાય અથવા ન થાય અગર થાય તો વાંધો નહી અગર દુઆ કબુલ ન થાય તો જન્નતમાં સારો દરજ્જો મળશે. હદીસ પ્રમાણે જેની દુઆ દુનિયામાં કબુલ નથી થઇ, તેને જન્નતમાં આલીશાન દરજ્જો મળશે.

દુઆ ક્યારે જલ્દી કબુલ થાય છે.

૧. સવારે નમાઝે સુબ્હના ટાઇમ ઉપર.

૨. જેહાદ કરતી વખતે.

૩. કોઈ શહીદનું ખુન જમીન ઉપર પડે ત્યારે.

૪. નમાઝે જુમ્માના ખુત્બાથી લઈને નમાઝે જુમ્મા સુધી.

૫. નમાઝે વિત્રમાં નમાઝે શબ પડતી વખતે.

૬. અઝાને સુબહથી લઇને સૂરજ નીકળે ત્યાં સુધી.

૭. વાજીબ નમાઝ અદા કર્યા પછી.

૮. મગરીબના સમય પહેલા સાંજે અઝાન પહેલા

૯. અઝાનના ટાઇમ ઉપર.

૧૦. ઝોહરના ટાઈમ ઉપર.

૧૧. વરસાદના ટાઇમ ઉપર.

૧૨. કુરઆનની તિલાવત કર્યા પછી.

૧૩. અલ્લાહની કોઇ પણ નિશાની જાહેર થાય ત્યારે ચાહે તે ઝમીન ઉપર નિશાની દેખાય યા આસમાનની ઉપર. જેવી રીતે ધરતીકંપ, સૂર્ય ગ્રહણ વગેરે.....

## કેવા લોકોની દુઆ જલ્દી કબુલ થાય છે.

૧. હંમેશા ખુદાની ઈતાઅત અને ઈબાદત કરવાવાળા બંદાઓની.

૨. સાચા અને આદિલ રહેનુમાઓની (રહબર, લીડર, કોમના આગેવાન)

૩. એક મોમીનની દુઆ બીજા મોમીન માટે એમની પાછળ.

૪. ઓલાદની બાપ માટે અને બાપની ઓલાદ માટે

૫. મઝલુમની ઝાલિમ માટે. (બદ દુઆમાં આવે છે.)

૬. ફકીર આદમીની દાન કરવાવાળા માટે.

૭. નાના બાળકોની દુઆ (મુસલમાન) બાળક જે હજી સુધી ગુનાહના કામ અંજામ ન આપ્યા હોય. તેની દુઆ પણ જલ્દી કબુલ થાય છે.

૮. હજ અને ઉમરાહ કરી આવ્યા હોય એમની.

૯. જે લોકોના હાથમાં અકીકની વીટી હોય એમની.

૧૦. બિમાર આદમીની દુઆ જલ્દી કબુલ થાય છે.

૧૧. માતાની દુઆ ફરઝંદ માટે અને ફરઝંદની દુઆ માતા માટે.

## દુઆ શા માટે કબુલ નથી થતી. અથવા કબુલ થાય છે?

એહમદ બીન અલી નસર કહે છે કે હું ઇમામ રઝા (અ.સ.) પાસે ગયો અને કહ્યું એ મારા ઇમામ તમારી ઉપર મારી જાન ફીદા. થોડાક વરસોથી હું ખુદા પાસે દુઆ માંગુ છું મગર મારી દુઆ હજી સુધી કબુલ નથી થઇ એટલે મારું દીલતંગ થાય છે.

ઇમામ રઝા (અ.સ.) એ ફરમાવ્યું: અય એહમદ! કયારેય એવું ન થાય કે શૈતાન તારા દિલમાં ઘુસી જાય અને તને ખુદાથી માયુસ કરી દે, (દૂર કરે) પછી ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) હદીસ નકલ કરી ફરમાવે છે જ્યારે પણ કોઇ મોમીન ખુદા પાસે હાજત અને દુઆ માંગે છે ત્યારે ખુદા એમની હાજતને મોડી (અમુક

ટાઇમ પછી) કબુલ કરે છે કારણકે ખુદાને અમુક મોમીનનો અવાજ ઘણો પસંદ આવે છે અને ખુદા ચાહે છે કે પોતાના બંદાનો અવાજ વધારેમાં વધારે સાંભળે.

પછી ફરમાવે છે ખુદાની કસમ ખુદાવંદે મુતઆલ મોમીનોની માટે દુનિયામાં એમની હાજત જલ્દી કબુલ એ માટે નથી કરતો કે આખેરતમાં એમને સારામાં સારા અને ઉંચ્ચ દરજ્જા સુધી પોહ્ચાડે.

બીજી હદીસમાં ઇમામ રઝા (અ.સ.) ફરમાવે છે: અગર હું તારી સાથે કોઇ પણ કામ માટે વાયદો કરૂ તો તુ મારી ઉપર ભરોસો રાખીશ?
તો સહાબી જવાબ આપે છે. હું તમારી ઉપર જરૂર ભરોસો રાખીશ મારી જાન ફીદા તમારી ઉપર અગર હું તમારી ઉપર ભરોસા ન કરૂ તો કોની ઉપર ભરોસો કરૂ તમે લોકો માટે ખુદાની હુજ્જત છો.
પછી ઇમામ જવાબ આપે છે તો પછી ખુદા ઉપર ભરોસા રાખ કારણ કે ખુદાવંદે વાયદો કર્યો છે કે ખુદા ફરમાવે છે; જ્યારે પણ મારા બંદાઓ મારી પાસે હાજત અને દુઆ માંગે છે. ત્યારે હું એમની પાસે છું અને એમની દુઆને સાંભળું છું અને પછી જવાબ પણ આપું છું (એટલે કબુલ પણ કરૂ છું):
સુરએ બકરાહ, આયત નં. ૮૬
એવી જ રીતે બીજી આયતમાં ફરમાવે છે કે ખુદાની રહેમતથી કોઈ પણ દિવસ માયુસ ન થાવ. (સુરએ ઝુમ્ર આયત નં. ૫૩)
એવી જ રીતે ત્રીજી આયતમાં ખુદા ફરમાવે છે ખુદાવંદે તમારી મગફેરત માટે (જે લોકો દુઆ કરે છે) અને ફઝીલત માટે તેમને વાયદો આપ્યો છે
(સુરએ બકરહ આયત નં. ૨૬૮)

એટલે ખુદા ઉપર ભરોસા અને ઉમ્મીદ રાખો અને બીજા કોઈને તમારી તરફ આંગળી પણ ઉભી ન કરવા દયો. ખુદા પાસે હાથ ફેલાવો. ખુદા પાસે દુઆ માંગો અને દુઆ જલ્દી કબુલ ન થાય તો તમારા માટે ખુશીની વાત એ છે કે ખુદાને તમારો અવાજ અને તમારી દુઆ પસંદ આવે છે. અને જન્નતમાં બહેતર દરજ્જા ઉપર રહેશો. એટલે અમુક સમય પછી તમારી દુઆ કબુલ થશે.

## કઇ વસ્તુથી તમારી દુઆ કબુલ નથી થતી.

૧- ગુનાહ
જ્યારે પણ કોઇ ચાહે કે પોતાની દુઆ કબુલ થાય તો પેલા જે વસ્તુથી દુઆ કબુલ નથી થતી તેનાથી દૂર રહેવું જોઇએ અને એમાં એક ગુનાહ છે. ગુનાહ કરવાથી અને ખુદાની મઅસીયત અને નાફરમાની કરવાથી દુઆ કબુલ નથી થતી.

ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે: બંદાઓ ખુદા પાસે પોતાની હાજત માંગે છે અને દુઆ કરે છે અને દુઆ દુનિયા માટે હોય છે અથવા બીજી કોઇ, અને ચાહે છે કે ખુદા તેમની આ હાજતોને જલ્દી અથવા મોડી કબુલ કરે. મગર બંદાઓ જ્યારે કોઇ ગુનાહ કરે છે ત્યારે ખુદા ફરિશ્તાઓને કહે છે એની દુઆ કબુલ નહી કરતા કારણ કે આ બંદાએ મારી મઅસીયત અને નાફરમાની કરી છે અને ગુનાહ અંજામ આપ્યા છે એટલે મારા તરફથી એમની દુઆ કબુલ નહિ કરતા. જે લોકો ગુનાહ અંજામ આપે છે એમની દુઆ કબુલ કરવા માટે ખુદાએ ઇન્કાર કર્યો છે. અને તમે ગુનાહની તૌબા કરી લેશો તો તમારી દુઆ કબુલ થશે.

બીજી હદીસમાં એક માણસ ઇમામ સાદિક (અ.સ.) પાસે આવે છે અને કહે છે મારી જાન તમારી ઉપર ફીદા થાય અને પછી કુરઆનની આયતની તિલાવત કરીને કહે છે. એટલે મારી પાસે દુઆ માંગો હું તમારી દુઆ કબુલ કરીશ. પણ હું દુઆ કરું છું પણ મારી દુઆ કબુલ નથી થતી તો ઇમામ (અ.સ.) કુરઆનની આયતથી જવાબ આપે છેઃ તમે લોકોએ જે વાયદો કર્યો છે તે વફા નથી કરતા, ખુદા કુરઆનમાં ફરમાવે છે: તમે તમારા વાયદાને વફા કરો તો હું મારા વાયદાને વફા કરીશ. અને પછી ઇમામ (અ.સ.) ફરમાવે છેઃ ખુદાની કસમ તમે લોકો ખુદા માટે વફાદાર બનો ખુદા તમારી માટે વફાદાર છે એટલ તમે ગુનાહ ન કરો પછી ખુદા પાસે દુઆ માંગો. તો ખુદા પણ તમારી દુઆ જલ્દી કબુલ કરશે.

૨. હરામ ખોરાકથી દુઆ કબુલ થતી નથી

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે: તમે હલાલ રોજી કમાવો તાકે તમારી દુઆ કબુલ થાય અને હરામ રોજીનો એક પણ લુકમો તમારા પેટમાં જશે તો ૪૦ દિવસ સુધી તમારી દુઆ કબુલ નહી થશે.

અગર પુરી જીંદગી હરામની કમાઇથી પોતાની જીંદગી ગુજારે, તો કઇ પણ ઇબાદત કબુલ થવાની નથી ચાહે તે નમાઝ, રોઝા, હજ, મજલીસ, માતમ વગેરે.... ગમે તે ઇબાદત કરો...
હરામ એ વસ્તુ છે જે શરીયતની વિરૂધ્ધ હોય જેવી રીતે ચોરી કરવી. ખોટું બોલવું, (વ્યાજ લેવું અને દેવું)

હદીસે કુદસીમાં પણ આવીજ હદીસ ઝીક્ર થઇ છે: તમે દુઆ કરો હું કબુલ કરીશ મારી પાસે કોઇની દુઆ રદ કરવામાં નથી આવતી મગર શરત એ છે લોકો હરામ ખોરાક ન ખાતા હોય. હરામની કમાઇ ન કરતા હોય.
હઝરત ઈમામે જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે: અગર તમે લોકો ચાહો કે તમારી દુઆ કબુલ થાય તો તમે પાકીઝા અને હલાલ રોજી હાસિલ કરો.

૩- દીનમાં સુસ્તી કરવાથી દુઆ કબુલ થતી નથી.
પયગમ્બર અકરમ હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) ફરમાવે છે: જે લોકો દુઆ કરે છે મગર દીનના અમલને અંજામ નથી આપતા એવી રીતે છે જેવી રીતે તીર ફેંકવા માટે કમાન નથી એટલે અગર દુઆ કરવી હોય અને ચાહે દુઆ કબુલ થાય તો દીન ઉપર અમલ કરે એટલે જરૂરી છે દુઆની સાથે અમલ અને અમલ સાથે દુઆ બન્ને લાઝીમ છે. દીન અને મઝહબ ઉપર તમે સરખી રીતે અમલ કરશો તો તમારી દુઆ કબુલ થશે.

૪- નાપાક દીલ અને નાપાક ઝબાન અને દુનિયાની મોહબ્બત રાખવાવાળા ઈન્સાનની દુઆ કબુલ થતી નથી.
બીજી શરતોમાંથી એક શરત આ પણ છે અગર કોઇ ઇન્સાનનું દિલ પાક ન હોય એમના દિલમાં દુનિયાની મોહબ્બત હોય ખરાબ આદતો હોય અપશબ્દો બોલતો હોય વગેરે એવા લોકોની દુઆ કબુલ થતી નથી.

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે: બની ઇસરાઇલમાં એક આદમી ૩૩ વરસથી દુઆ કરતો હતો મગર એની દુઆ કબુલ નહોતી થતી અને જ્યારે એની દુઆ

કબુલ ન થઇ ત્યારે તે કહે છે એ ખુદા તું મારાથી દૂર છો અને મારી દુઆ સાંભળતો નથી અથવા નઝદીક છો તો પણ જવાબ આપતા નથી? પછી તે રાતના સુવે છે ત્યારે સપનામાં ખુદા કહે છે તુ ખુદાને જે ઝબાનથી યાદ કરો છો તે ખરાબ છે તુ જે દિલથી ખુદાની પાસે દુઆ માંગો છો તે નાપાક છે કારણ કે તારી નિય્યત સારી નથી અગર તારે દુઆ કબુલ કરાવી હોય તો તકવા અને પરહેઝગારી ઇખ્તયાર કર તે મર્દ પછી સાફ અને સારી નિય્યત કરે છે પોતાને પાક બનાવે છે પછી ખુદા એની દુઆ કબુલ કરે છે.

હા સાચી વાત છે નમાઝ અને દુઆને ધ્યાનમાં રાખ્યા વગર અંજામ આપશો તો કદી પણ કબુલ નહી થાય. મગર તમે દિલથી નમાઝ અને દુઆ કરશો તો ખુદા જરૂર કબુલ કરશે. અગર ઝબાનથી દુઆ અને નમાઝ પઢો અને દિલમાં ખ્યાલ બીજી બધી વસ્તુના હોય તો તમારી ઇબાદત કબુલ થવાની નથી અગર દિલથી કોઇ પણ કામ કરશો તો કબુલ થશે. અને નિય્યત પણ સારી હોવી જોઈએ દુઆ કરતી વખતે હંમેશા પોતાની ભલાઇ અથવા બીજાની ભલાઇ હોય તો દુઆ કબુલ થશે.

## દુઆ મોડી કબુલ થાય એનું કારણ

૧. અગર સાચા દિલથી દુઆ કરો તો પણ તમારી દુઆ કબુલ ન થાય અથવા મોડી કબુલ થાય એનું કારણ શું છે? હા મુમકીન છે દુઆ અથવા હાજત કબુલ ન થાય એમાં ઇન્સાનની ભલાઈ હોય છે અને બીજા ઘણા બધા કારણ હોય શકે છે. ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે જે મોમીન ખુદા પાસે પોતાની હાજત માંગે છે સાચા દિલથી, તો ખુદાવંદે આલમ ફરમાવે છે આ બંદાને થોડાક ટાઇમ પછી જવાબ આપો કારણ કે મને આ બંદાનો અવાજ ઘણો પસંદ છે અને જ્યારે કયામતનો દિવસ આવે છે ત્યારે ખુદા કહે છે આ મારા બંદો છે તે મારી પાસે દુઆ માંગી અને મે તે દુઆ કબુલ કરવામાં થોડોક ટાઇમ લગાડયો એટલે તારો સવાબ વધારી દેવામાં આવ્યો છે. અને મોમીન જ્યારે જોવે છે કે મારા સવાબમાં એટલો બધો સવાબ કરવામાં આવ્યા તો મારી બધી જ દુઆ મોડી કબુલ થઇ હોત તો કેવું સારું હોત એ બોલે છે : ખુદા તુ મારી એક પણ દુઆ કબુલ ન કરી હોત તો મારો કેટલો બધો સવાબ હોત.

૨. ક્યારેક કોઈ મોમીન બંદો ખુદા પાસે કોઇ દુઆ અને હાજત તલબ કરે છે અને હર રોજ ખુદા પાસે પોતાની ખાસ દુઆ કુબલ કરવાની માંગણી પણ કરે છે મગર ખુદા એમની તે દુઆને કબુલ એ માટે નથી કરતો કારણ કે એમા બંદાની ભલાઇ હોય છે જેવી રીતે કુરઆને મજીદની આયત છે તમે કોઇ વસ્તુ માટે દુઆ માંગતા હોય મગર એજ વસ્તુ તમારી માટે ખરાબ હોય છે. પણ આદમીને ખબર નથી હોતી કે કઈ વસ્તુ આગળ વધીને એના માટે સારી અથવા ખરાબ હોય મગર ખુદાને ખબર હોય છે કે મારા બંદા માટે કઇ વસ્તુ સારી અને કઇ વસ્તુ ખરાબ છે અને ખુદા પોતાના નેક બંદા માટે કોઈ દિવસ ખરાબ નહી ચાહે એટલે અમુક દુઆ જે બંદાઓ કરે છે તેને ખુદા કબુલ કરતો નથી. કારણ કે એમા ઇન્સાનની ભલાઇ નથી હોતી જે ઇન્સાનને ખબર નથી.

અથવા અમુક વખત એવું પણ થાય છે કે ખુદા એમની દુઆ કબુલ કરી આપે તો તે બંદો ખુદાને ભુલી જતો હોય જેવી રીતે રસુલે ખુદા (સ.અ.વ.)ના જમાનામાં એક સહાબીની દુઆ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) કબુલ કરાવી તો તેણે ખુદાની ઇબાદત કરવાનો છોડી દીધું. (હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના ઝમાનામાં એક સહાબી જેનું નામ સઅલબા હતું એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે દુઆ મંગાવે છે પછી જ્યારે દુઆ કબુલ થઈ જાય છે ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અને અલ્લાહની ઇતાઅત કરવાનું છોડીને રૂપિયા કમાવાનું શરૂ કરી દે છે.)

૩. અમુક સમય, એ માટે પણ દુઆ કબુલ નથી થતી અથવા મોડી કબુલ થાય છે કે તેની દુઆ લોકોને નુકસાન પહોંચાડતી હોય છે.

ઇમામ સાદિક (અ.સ.) પાસે એક આદમી આવીને કહે છે: હું તમારો ચાહવાવાળો છું અને મને ઘણી બધી વસ્તુની જરૂરત છે અને તે માટે મેં ઘણી બધી મહેનત કરી તો પણ મને કાંઈ હાસિલ નથી થયું ત્યારે ઇમામ કહે છે ખુદાએ તને જે આપ્યું છે તે બેહતર છે અને જે નથી આપ્યું તે પણ બહેતર છે ત્યારે તે મર્દ કહે છે તમે મારી માટે દુઆ કરો કે મારી હાલત સુધરે પછી ઇમામે ફરમાવ્યું ખુદાવંદ બધાને રોજી રોટી આપે છે અને આ રોજી માટે બધાય એક બીજાનો વસીલો બનતાં હોય છે. મગર કોઇ દિવસ કોઇ પણ આદમી પાસે હાથ ન ફેલાવો ફક્ત ખુદા પાસે હાથ ફેલાવો પછી ઇમામ દુઆ કરે છે કે ખુદા તને કોઈ પણ આદમી પાસે હાથ ન ફેલાવ્વાની તૌફીક આપે અને અગર તારી દુઆ કબુલ ન થાય એમાં તારા માટે સારૂ છે કારણ કે જ્યારે હઝરત નુહ (અ.સ.) પોતાના ફરઝંદ માટે નજાત માંગી

ત્યારે ખુદા કહે છે જે તું નથી જાણતો એ હું જાણું છે અને પછી ખુદાએ કહ્યું કે તારા ફરઝંદ માટે દુઆ ન કરો.

હઝરત અલી (અ.સ.) પોતાના ફરઝંદ ઇમામ હસન (અ.સ.)ને નસીહત કરતા ફરમાવે છે: કેટલી વસ્તુ દુનિયામાં એવી છે જે આપણને પસંદ છે મગર ખુદા એ વસ્તુ તમને આપતો નથી જ્યારે ખુદા એમની કરતા પણ સારી વસ્તુ દુનિયાના બદલે આખેરતમાં આપે છે. અથવા તારી ઉપરથી બલાઓને દૂર કરી નાખવામાં આવે છે જેની તને ખબર પણ નથી હોતી.

ઇમામ સજ્જાદ (અ.સ.) ફરમાવે છે મોમીનની દુઆ આ ત્રણ દુઆમાંથી એક હાલતમા હોય છે.

૧. એમની દુઆનો બદલો કયામતના દિવસે સવાબમાં બદલી જશે.

૨. એમની દુઆ દુનિયામાં કબુલ કરી આપવામાં આવશે.

૩. એમની દુઆના બદલે દુનિયામાં, એમની ઉપર જે બલા અને પરેશાની આવાની છે તે દૂર કરી નાખવામાં આવશે.

હઝરત અલી (અ.સ.) ફરમાવે છે જમીન અને આસમાનના ખઝાના જે ખુદા પાસે છે, જો એ ખુદા બંદાને દુઆ કરવાનું કહે છે અને દુઆ કબુલ થઇ ગઇ તો તમને એ ખઝાનો અતા કરવામાં આવશે અને ક્યારેક તમારી દુઆ કબુલ ન થાય તો પરેશાન ન થાવ કારણ કે ખુદા જેને આપે છે તેની નિય્યત પ્રમાણે આપે છે અથવા કયામતના દિવસે દુઆની બદલે સારામાં સારો દરજ્જો આપવામાં આવશે જેને લોકો જોઈને તઅજ્જુબમાં પડી જશે.

## દુઆના આદાબ

૧. તમારી હાજતનું એક એક કરી નામ લઇને દુઆ કરો.

૨. પોતાના હાથોને ઉંચા કરીને સાચા દિલથી દુઆ માંગો.

૩. દુઆ કર્યા પછી પોતાના હાથ ચેહરા ઉપર ફેરવો.

૪. દુઆ કબુલ થવાની ઉમ્મીદ રાખો.

૫. દુઆ કબુલ થવામાં જલ્દી ન કરો.

૬. દુઆ કરતી વખતે ઉમ્મીદ રાખો.

૭. દુઆને જાહેર ન કરો. (દિલમાં દુઆ રાખો.)

૮. દુઆ કરતી વખતે આંસુ વહાવો અથવા રોવા જેવું મોઢું બનાવું.

૯. દુઆ કરતા પહેલા ખુદાનો શુક્ર પછી, ગુનાહોની માફી, પછી મોહમ્મદ અને આલે મોહમ્મદ ઉપર સલવાત, પછી પોતાની હાજત અને દુઆ, ખુદા પાસે માંગો.

૧૦. દુઆ કરતા પહેલા ૧૦ વખત યા અલ્લાહ પડે.

૧૧. દુઆ કરતી વખતે હંમેશા ૧૪ મઅસુમીન (અ.સ.) વસીલો આપો.

૧૨. દુઆ કરતી વખતે બીજા મોમીન ભાઇ માટે દુઆ કરો.

૧૩. દુઆ પહેલા બિસ્મિલ્લાહ હીર રહમાનીર રહીમ કહો.

૧૪. નમાઝ પછી દુઆ કરો.

આવી દુઆ દરરોજ માંગો.

૧. ખુદાયા અમને દુનિયામાં અને આખેરતમાં ઇઝઝત આપ.

૨. ખુદાયા અમને દુનિયામાં અને આખેરતમાં અહલેબૈત (અ.સ.) સાથે રાખ

૩. ખુદાયા અમારી ઝીંદગીને મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.સ.) જેવી અને અમારી મૌતને મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.સ.)ની મૌત જેવી કરી દે..

૪. ખુદાયા અમારી શિફાઅત કર.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ) જયારે પોતાની માટે દુઆ માંગતા તો આવી રીતે અલ્લાહ પાસે અર્ઝ કરતા,

અય મારાં અલ્લાહ તે મને જે બેહતરીન નેઅમતો આપી છે તે મારા પાસેથી ક્યારેય પાછી ન લેજે, અય અલ્લાહ મારા દુશ્મનો અને મારાથી ઈર્ષા કરનારને મારાથી દુર રાખ. દરેક બુરાઈથી નજાત આપ, અને મને એક પલ માટે પણ મારા હવાલે ન કર. હમેશાં તારા સાથે રાખ.

## અમુક દુનિયાને લગતી વાતો વસીયતે જનાબે લુકમાન

હઝરત લુકમાન પોતાના દીકરાને શિખામણ આપીને સમજાવે છે કે એ મારા ફરઝંદ મે ૪૦૦ નબીની ખિદમત કરી છે અને એ ૪૦૦ નબીથી મે ૪૦૦૦ હદીસ યાદ રાખી છે અને એ ૪૦૦૦ હદીસમાં થી ૪૦૦ હદીસ પસંદ કરી અને એ ૪૦૦ હદીસમાં થી ૪૦ કલમા અને વાકય યાદ રાખ્યા, અને એ ૪૦ કલમા માંથી ૮ કલ્મા એવા છે કે જેને હું તને બયાન કરું છુ ૮ કલામથી ૨ વસ્તુને અંજામ આપીને ભુલી જવાનું અને બીજી ૨ વસ્તુને અંજામ આપીને ભુલવાનું નહી એટલે યાદ રાખવાનું અને જે ૪ જુમલા બાકી રહેવા દયો.

જે ૨ વસ્તુ ભુલી જવાની.

૧. અગર કોઇની સાથે પણ નેકી કરી હોય તો તેને ભુલી જવાનું.

૨. અગર કોઈ તારી સાથે ખરાબ વર્તાવ કરે તેને ભુલી જવાનુ.

જે ૨ વસ્તુ નથી ભુલવાની

૧. ખુદાનેઃ  ખુદાને કોઇ પણ સંજોગમાં ભુલવાનું નથી કારણ કે જેટલા પણ ગુનાહ અને ખરાબ કામ થાય છે તેનું કારણ ખુદાથી ગફલત ખુદાને ભુલી જવું ખુદાને યાદ ન રાખવું અગર ખુદાને યાદ રાખશો તો ખુદા આપણી બધી વસ્તુ ઉપર નઝર રાખશે એટલે કોઈ દિવસ ગુનાહ અંજામ નહી થાય.

૨. મૌતનેઃ હા મૌતને પણ કોઇ સંજોગમાં ભુલવું નહી કારણ કે જ્યારે ઇન્સાન મૌતને ભુલી જાય છે મૌતથી ગફલત કરે છે ત્યારે તે દુનિયા તરફ વધે છે દુનિયામાં રગબત કરે છે, અને દુનિયા જહન્નમ તરફ લઇ જાય છે એટલે મૌતને કદી પણ ભુલવું ન જોવે અને હંમેશા મૌત માટે તૈયાર રહેવું જોઇએ. અગર મૌતને યાદ રાખશું તો દુનિયાની મોહબ્બત દિલમાંથી નીકળી જશે અને જહન્નમની આગથી બચી જશું.

જે ૪ વસ્તુ એમની જગ્યા ઉપર બાકી રાખવી

૧. જ્યારે પણ કોઈ ઇન્સાન કોઇના ઘરે જાય ત્યારે પોતાની આંખને ગુનાહથી બચાવે અને નામહેરમ ઉપર નજર ન નાખે અગર પોતાની આંખને એમની જગ્યા ઉપર ન રાખે અને આજુબાજુમાં આંખ ફેરવે તો નામેહરમ ઉપર નજર પડશે અને નામહેરમ તરફ નજર કરવું કયામતના દિવસે મુનાફીક સાથે જહન્નમ માં જશે, અને મુનાફીક જેવો અઝાબ આપવામાં આવશે, હા ફક્ત મર્દ ઉપર જરૂરી નથી કે તે નામહેરમથી બચે પરંતુ ઔરત ઉપર પણ જરૂરી છે કે તે પોતાને નામહેરમ મર્દોથી બચાવીને રાખે હંમેશા પર્દામાં રહે નહિતર ખુદા એમને પણ સખત સખત અઝાબ આપશે હદીસમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે હું જ્યારે મેઅરાજ ઉપર ગયો ત્યારે મેં જોયુ કે ઔરતોને ત્રણ જગ્યા ઉપર અલગ અલગ અઝાબ દેવામાં આવી રહ્યા છે.

નામહેરમ ઓરતોનો અઝાબ:

૧.૧- પોતાના વાળોથી ઔરતોને જહન્નમની આગમાં લટકાવવામાં આવ્યા છે. મેં પુછ્યું આ ઔરતોને કેમ આવો અઝાબ આપવમાં આવ્યો. તો ફરિશ્તાએ જવાબ આપ્યો આ ઔરતો પોતાના શોહરની ઇજાઝત વગર ઘરની બહાર જાતી હતી.

૧.૨- પોતાના સીનાથી ઔરતોને જહન્નમની આગમાં લટકાવવામાં આવ્યા હતા. મેં ફરિશ્તાઓને પુછ્યું આ લોકો કોણ છે તો જવાબ આપ્યો : પોતાના શોહરથી આ ઔરત દૂર રેહતી હતી.

૧.૩- પોતાની ઝબાનથી ઔરતોને લટકાવવામાં આવી હતી અને જહન્નમની ગરમ ગરમ આગ એમના મોઢામાં નાખવામા આવતી હતી. મેં પુછ્યું આ ઔરતો કોણ છે તો ફરિશ્તાએ જવાબ આપ્યો કે આ ઓરતો પર્દો બરાબર નહોતી કરતી અને પોતાને બીજા મર્દો જોવે એવી રીતે જીંદગી ગુજારતી હતી. એટલે ઔરતોને પૂરું બદન હંમેશા ઢાંકીને રાખવું જોઇએ. અગર આવું નહી કરે તો ખુદાનો અઝાબ એમને થશે. એ મર્દોને પણ કે જે પોતાની આંખને બચાવીને નહી રાખે.

૨. જ્યારે પણ કોઇ ઇન્સાન લોકો સામે આવે ત્યારે પોતાની ઝબાન (જીભ)ને બચાવીને રાખે (કાબુમાં રાખે) કારણ કે દુનિયામાં જેટલા પણ બલા અને આફત આવે છે તે ઝબાનના લીધે છે હદીસમાં છે કે મુસલમાન એ લોક છે કે જે બીજા મુસલમાન ભાઇઓને અઝીયત ન કરે પરેશાન ન કરે અઝીયત અને પરેશાની બે રીતે કરવામાં આવે છે. યા એ ઝબાનથી પરેશાન કરી શકે છે અથવા હાથથી એટલે ઇન્સાન પોતાની ઝબાનને કાબુમાં રાખશે તો કોઇ પણ ગુનાહ નહીં થશે ઝબાનને કાબુમાં રાખવું ફક્ત ખરાબ બોલવા માટે છે અગર સારૂ બોલવું હોય અને ફાયદો પણ આપતો હોય તો બોલવું જોવે.

૩. હરામ ખોરાકથી બચવું: કોઈ પણ ઇન્સાન સારૂ ખાવાનું જોઈને બેસી ન જાય બલ્કે જોવે કે ખાવાનું પાક છે કે હરામ. અગર હરામ હોય તો એ ખોરાકથી બચે. કારણકે ખોરાક ઇન્સાનના પુરા બદનમાં પહોંચે છે પાક ખોરાક હશે તો એનું દિલ રોશન થશે. અને નજીસ ખોરાક (કાફિરના હાથનું ખાવાનુ અથવા હરામ કમાઈનું ખાવાનું) હશે તો પુરા બદનમાં પહોંચશે પછી ખુદાની ઇબાદતથી દૂર થઇ જશે અને ગુનાહોમાં વધારો થતો જશે એટલે હરામ ખોરાકથી બચવું જોઈએ. અને હરામ ખોરાક થી ઇબાદત પણ કબુલ નથી થતી.

૪. જ્યારે પણ નમાઝ અદા કરો ત્યારે પોતાના દિલને નમાઝ તરફ રાખો ખુદા તરફ રાખો અને બીજા દુનિયાના કામોથી બચાવીને રાખો કારણ કે નમાઝ બધીજ ઇબાદત કરતા અફઝલ અને અશરફ છે અને કોઇ પણ અમલ એવો નથી જેવી નમાઝ છે કારણકે નમાઝ ઇન્સાનને ખુદા તરફ પહોચાડે છે. નમાઝ મોમીન બંદા માટે મેઅરાજ છે.

કારણ કે નમાઝમાં એ વસ્તુ છે જે ખુદાને પસંદ છે ખુદાનો ઝીક્ર, તસ્બીહ, તમહીદ, તહલીલ, દુઆ, કુરઆન, સલવાત, ઉસેલે દીન, ફુરૂએ દીન વગેરે તો આપણે જ્યારે પણ નમાઝ અદા કરીએ ત્યારે ખુદાને દિલથી યાદ રાખવા જોઈએ. અને  દુનિયાના વિચારો અને શયતાનના વસવસાથી બચવું જોઈએ.

## જે નેક કામ દરરોજ કરવાથી રોજીમાં વધારો થાય છે:

૧. હંમેશા યાદે ખુદામાં મશગુલ રહેવું ખાસ કરીને નમાઝે સુબ્હથી સૂરજ નીકળે ત્યાં સુધી ખુદાની યાદમાં ખુદાના ઝિક્રમાં રેહવું જેવી રીતે સલવાત પડવું, કુરાન પડવું.

૨. સદકો આપવો ખાસ કરીને સવારના, રિવાયતોમાં ઝીક થયેલ છે કે સદકો બલાઓને દુર કરે છે સલામતી લાવે છે. રોજીમાં ખૂબજ વધારો કરે છે. અને સવારે વહેલા સદકો આપવાથી પુરો દિવસ સારો પસાર થાય છે.

૩. સીલેહ રહમઃ આપણા રીશ્તેદારો સાથે હળતુ મળતું રહેવુ અગર એમને કોઈ તકલીફ હોય તો દુર કરવી અગર આ કામ કરશો તો ઉમ્રમાં વધારો થશે અને રોજીમાં પણ વધારો થશે.

૪. ખુદાનો શુક્ર કરવોઃ ખુદા પોતે કહે છે કે અગર તમે મારો શુક્ર કરશો તો તમારી નેઅમતમાં વધારો કરીશ એટલે ખુદા આપને જે વસ્તુ પણ આપે તરતજ ખુદાના ઝીક્ર અને શુક્ર કરો અને આવી રીતે કહો (અલ્લાહનો શુક્ર, શુક્રન લીલ્લાહ)

પ. હંમેશા ઈસ્તેગફાર કરવો અને પોતાની ગલતીની માફી ખુદા પાસે માંગવી તો ખુદા પોતાની નેઅમત બંદાઓને આપશે.

૬. ઈમામ હુસેન (અ.સ.)ની ઝિયારત પઢવી (ઝિયારતે આશુરા વગેરે..)

૭. નમાઝે શબ અદા કરવી : રોજીમાં વધારો કરે છે.

૮. મોમેનીન અને ખાસ કરીને આલીમે દીન પૈશ ઈમામ મોલાના, ને જમવા બોલાવવા અને દાવત કરવી.

૯. પોતાના ઘરને સાફ રાખવું સુંદર રાખવું

૧૦. હંમેશા સાચું બોલવું.

૧૧. અઝાન કહેવાવાળા સાથે અઝાનની તકરાર કરવી (દોહરાવવી) .

## અમુક કામ એવા છે કે જે દુનિયામાં હરામ છે મગર આખરેતમાં હલાલ

ચાર એવી વસ્તુ છે કે જે દુનિયામાં લોકો માટે હરામ છે મગર આખેરતમાં ખુદાએ બંદાઓ માટે હલાલ કરી. પરંતુ એમની માટે શરત એ છે કે દુનિયામાં તે હરામ કામ અંજામ ન આપ્યા હોય.

૧. ગીત ગાવું અથવા સાંભળવું ખુદાવંદે વાયદો કરેલ છે કે જે લોકો ગીત ગાય અથવા સાંભળે તો એમને જહન્નમની આગમાં નાખી દેવામાં આવશે. અને હદીસમાં છે કે ગીત ગાનાર જ્યારે કયામતના દિવસે આવશે તો એમની હાલત આંધળા બેરા (ન જોય શકશે ન સાંભળી શકશે) અને મુંગા જેવી હશે. અને જે ઘરમાં ગીતનો અવાજ આવે છે તે હંમેશા બલાઓમાં ઘેરાયેલો રહે છે. જ્યારે કે એ ઘરમાં કોઇ પણ દુઆ કબુલ નહી થાય. અને ફરિશ્તાઓ પણ એ ઘરમાં દાખિલ નહી થાય. અને ગીત બોલવામાં અને સાંભળવામાં બીજા ઘણા બધા ગુનાહો છે કે જે બીજી કિતાબોમાં ઝીક્ર થયેલ છે. એમાંથી અમુક ગુનાહનો બદલો જે દુનિયામાં મળશે. તે નીચે નોટ કરવમાં આવ્યો છે.

૧.૧ ગીત ગાવાવાળો  અથવા સાંભળવા વાળો જે કોઇ પણ કામ કરશે તેનું કામ પુરૂ નહી થાય.

૧.૨ એમનું દિલ કોઇ પણ હાલતમાં સારૂ નહી રહે

૧.૩ એમનેથી બરકત અને રહેમત દૂર થશે.

૧.૪ મુનાફીક થઇ જશે જાહેરમાં મુસલમાન અંદરથી કાફિર થઇ જશે.

૧.૫ ગરીબીની ઝીંદગી જીવશે

૧.૬.હંમેશા પરેશાનીમાં હશે.

બીજી એક હદીસમાં છે કે દુનિયામાં ગીત ન સાંભળે અથવા ન બોલે તો કયામતના દિવસે જન્નતમાં એક જાડ છે જેના અવાજ ખૂબજ સુંદર છે એવો સુંદર અવાજ કોઇપણ આદમીએ દુનિયામાં સાંભળ્યો નહી હોય ફક્ત એ લોકો આ અવાજ સાંભળી શકશે કે જેણે દુનિયામાં કોઇ દિવસ ગીત ન સાંભળ્યું હોય અને ન ગાયુ હોય. (એજ લોકો આ અવાજને સાંભળી શકશે.)

૨. રૈશમી કપડા ઉપર નમાઝ પઢવી દુનિયામાં હરામ છેઃ મગર આખેરતમાં હલાલ છે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે રૈશમી કપડામાં નમાઝ અદા ન કરો. કારણ કે જન્નતમાં તમામ કપડાં રૈશમી હશે.

૩. સોના અને ચાંદીના વાસણો દુનિયામા ન વાપરો, જ્યારે આખેરતમાં તમામ વાસણ સોના અને ચાદીના વાપરવામાં આવશે.

૪. શરાબ દુનિયામાં હરામ છેઃ મગર આખેરતમાં શરાબ કરતા પણ સરસ વસ્તુ એ લોકોને આપવામાં આવશે જે લોકોએ દુનિયામાં શરાબ ન પીધી હોય અને પીવાવાળાની મદદ પણ ન કરી હોય.

# અઝાન એકામત અને નમાઝ નો તરજુમો

**અઝાનમાં શરૂ્વાત માં અલ્લાહો અકબર ચાર વખત આવે અને એકામતમાં શરુવાતમાં અલ્લાહો અકબર બે વખત આવે**

**એકામત માં હય્ય અલા ખયરિલ અમલ પછી બે વખત કદ કામતીસ્સ્લાહ આવે અઝાનમાં ન આવે**

**છેલ્લા અઝાન માં અલ્લાહો અકબર પછી બે વખત લા ઇલાહા ઈલલ્લહ આવે અને એકામત માં એક વખત લા ઇલાહા ઈલલ્લાહ આવે**

**અઝાન અને એકામહનો તરજૂમો:**

الله أكبَر **: અલ્લાહ કોઈ પણ વર્ણન કરતાં મહાન છે.**

أَشْهَدُ أَنْ لا إلـهَ إلاّالله
**: હું ગવાહી આપું છું કે એક અલ્લાહ સિવાય કોઈ પરસ્તીશ અને ઈબાદતને લાયક નથી.**

أَشْهَدُ أَنَّ مُحَمَّداً رَسُولُ الله
**: હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલમ્હે વ આલેહી વસલ્લમ અલ્લાહ તરફથી મોકલવામાં આવેલ પયગંબર છે.**

أَشْهَدُ أَنَّ عَليّاً وَلِيُّ الله
**: હું ગવાહી આપું છું કે હઝરત અલી અલવ્હિસ્સલામ મોઅમીનોના સરદાર અને ખુદાની તમામ મખલૂક ઉપર તેના વલી છે.**

حَيَّ على الصَّلاةِ
**: નમાઝ માટે ઉતાવળ કરો.**

حَيَّ على الفَلاحِ

: નજાત અને કામ્યાબી તરફ ઉતાવળ કરો.

حَيَّ على خَيْرِ العَمَلِ
: સર્વ શ્રેષ્ઠ અમલ તરફ ઉતાવળ કરો.

આ વાક્ય ખાલી એકામત માં પડવાનો છે:

قَدْ قامَتِ الصّلاة
: ખરેખર, નમાઝ બરપા થઈ ગઈ.

اللهُ أكبَر : અલ્લાહ કોઈ પણ વર્ણન કરતાં મહાન છે.

لا إلـهَ إلّاالله
: અલ્લાહ સિવાય કોઈ પરસ્તીશ અને ઈબાદત માટે લાયક નથી.

ગુજરાતી સમાજના લોકો અઝાન અને નમાઝ માં જયારે છેલ્લે "હ"/ "ہ" આવે તો તેનો ઉચ્ચાર નથી કરતા જે ખુબજ જરૂરી છે તો આ અક્ષર ઉપર ધ્યાન રાખવું,

નમાઝનો તરજૂમો:

૧. સૂરએ અલ-હમ્દનો તરજૂમો :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને માફ કરનાર છે

اَلْحَمْدُ لِلهِ رَبِّ الْعَالَمِيْنَ
:તમામ વખાણ ખાસ ખુદા માટે જ છે, જે સમસ્ત મખ્લુકની પરવરીશ કરનાર છે.

الرَّحْمٰنِ الرَّحِيْمِ
: તે રેહમાન અને રહીમ છે.

مَالِكِ يَوْمِ الدِّيْنِ

:એ શક્તિમાન ઝાત કે જે કયામતના દિવસનો માલિક છે.

إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ
:અમે માત્ર તારી જ બંદગી કરીએ છીએ; અને ફક્ત તારી પાસેથી જ મદદ માંગીએ છીએ.

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ
: તું સીધા રસ્તા તરફ અમારી હિદાયત ફરમાવ.

صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ
: એવા લોકોની રાહ કે જેમને તે તારી નેઅમતોથી નવાઝયા છે,

غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّالِّيْنَ
:એવા લોકોની રાહ નહીં કે જેમના ઉપર તારો ગઝબ નાઝિલ થયો હોય, અને ન એવા લોકોની રાહ કે જેઓ ગુમરાહ થયા હોય.

૨. સૂરએ કુલ હુવલ્લાહો અહદનો તરજૂમો :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
(તરજૂમો ઉપર લખી ચૂકયા છીએ)

قُلْ هُوَ اللَّهُ أَحَدٌ
: કહો કે ખુદા એક જ છે. (અમુક લોકો કુલ્હો વ્લ્લાહો પડે છે જે ખોટું છે કુરાન માં જેવી રીતે આવ્યું છે તેવી રીતે પડવાનું હોય છે જો ખોટું પડીએ તો ખોટો તરજુમો થાય જે સારું ન કેહવાય)

اللَّهُ الصَّمَدُ
:એ ખુદા કે જે તમામ મોજૂદાતથી બેનિયાઝ છે.

لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ
:એણે જન્મ દીધો નથી, અને જન્મ લીધો નથી.

وَلَمْ يَكُنْ لَهُ كُفُوًا أَحَدٌ
:અને ન કોઈ એક તેના જેવો છે.

### ૩. રૂકૂઅ, સુજૂદ અને બીજા ઝિક્રનો તરજૂમો :

سُبْحَانَ رَبِّيَ الْعَظِيْمِ وَبِحَمْدِهِ
:મારો મહાન પાલનહાર તમામ ઐબથી પાક છે, અને હું એની હમ્દ કરી રહ્યો છું.

سَمِعَ اللهُ لِمَنْ حَمِدَهُ
:ખુદા એની હમ્દ કરનારની પ્રસંશાને સાંભળે અને કબૂલ ફરમાવે.

سُبْحَانَ رَبِّيَ الْأَعْلَىٰ وَبِحَمْدِهِ
:મારો પાલનહાર સૌથી બુલંદ છે, તમામ ઐબથી પાક છે અને હું એની હમ્દ કરી રહ્યો છું.

أَسْتَغْفِرُ اللهَ رَبِّيْ وَأَتُوْبُ إِلَيْهِ
: ખુદા પાસે માફી ચાહું છું, કે જે મારો પાલનહાર છે, અને એની તરફ પાછો વળું છું.

بِحَوْلِ اللهِ وَقُوَّتِهِ أَقُوْمُ وَأَقْعُدُ
:અલ્લાહની મદદથી અને એની તાકાતથી ઉભો થાઉં છું, અને બેસું છું.

### ૪. કુનૂતનો તરજૂમો :

لَا إِلٰهَ إِلَّا اللهُ الْحَلِيْمُ الْكَرِيْمُ
: બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ, કે જે સહનશીલતા અને કિર્તીવાળો છે.

لَا إِلٰهَ إِلَّا اللهُ الْعَلِيُّ الْعَظِيْمُ

**: બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ કે જે બુલંદ મરતબાવાળો અને મહાન છે.**

سُبْحَانَ اللهِ رَبِّ السَّمَاوَاتِ السَّبْعِ، وَرَبِّ الْأَرَضِيْنَ السَّبْعِ

**એટલે કે: પવિત્ર છે એ અલ્લાહ કે જે સાતેય આસમાન અને સાતેય જમીનનો પાલનહાર છે.**

وَمَا فِيْهِنَّ وَمَا بَيْنَهُنَّ وَرَبِّ الْعَرْشِ الْعَظِيْمِ

**: તે જમીનમાં અને આસમાનમાં તેમજ તેમના વચ્ચે દરેક વસ્તુનો પાલનહાર છે, અને મહાન અર્શનો માલિક છે.**

وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

**: સર્વ વખાણ અને હમ્દ ખાસ એ અલ્લાહ માટે છે જે તમામ મૌજૂદાતનો પાલનહાર છે.**

**તસ્બીહાતે અરબાનો તરજૂમો :**

سُبْحَانَ اللهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا إِلٰهَ إِلَّا اللهُ وَاللهُ أَكْبَرُ

**: અલ્લાહ તમામ ઐબ અને ક્ષતિથી પાક છે. તમામ હમ્દ ખાસ અલ્લાહ માટે જ છે અને અલ્લાહ સિવાય બંદગીને પાત્ર કોઈ ખુદા નથી, અને અલ્લાહ તમામ વર્ણનથી મહાન છે.**

**તશહહુદ અને સલામનો તરજૂમો :**

اَلْحَمْدُ لِلّٰهِ، أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ

**: તમામ વખાણ અને હમ્દ ખાસ અલ્લાહ માટે છે. હું ગવાહી આપું છું કે બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ, કે જે એક છે, અને તેનો કોઈ ભાગીદાર નથી.**

وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ

**: અને ગવાહી આપું છું કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ખુદાના બંદા અને તેના તરફથી મોકલવામાં આવેલ પયગંબર છે.**

اَللّٰهُمَّ صَلِّ عَلَىٰ مُحَمَّدٍ وَآلِ مُحَمَّدٍ

**: અય અલ્લાહ, તું મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને તેમની આલ ઉપર રહેમત મોકલ**

وَتَقَبَّلْ شَفَاعَتَهُ وَارْفَعْ دَرَجَتَهُ

**: તું પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની શફાઅત કબૂલ ફરમાવ, અને તારી બારગાહમાં એમના દરજજાને બુલંદ કર.**

اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ

**: સલામ થાય તમારા ઉપર અય નબી, અને તમારા ઉપર અલ્લાહની રહેમત અને બરકત નાઝિલ થાય.**

اَلسَّلَامُ عَلَيْنَا وَعَلَىٰ عِبَادِ اللهِ الصَّالِحِيْنَ

**: ખુદા તરફથી અમારા સૌ ઉપર સલામ થાય, અને અલ્લાહના નેક બંદાઓ ઉપર સલામ થાય.**

اَلسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ

**: અલ્લાહના સલામ તમે સૌ ઈમાન લઈ આવનારાઓ ઉપર થાય, અને તમારા ઉપર અલ્લાહની રહેમત અને બરકત નાઝિલ થાય.**

## જરૂર વાંચો!

૧-નમાઝ,

હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ પોતાના આખરી સમયમાં વસિયત કરતા ફરમાવે છે:

જે નામઝને હલ્કી સમજશે તેઓને અમારી શેફાઅત કયારેય પણ નસીબ નહિ થાય. (બિહારૂલ અનવાર ભાગ ૪૭ પેજ ૨)

નમાઝ ને હલ્કી સમજવું એટલે શું?
નમાઝ નો ટાઈમ થઈ જાય પણ આપણે બીજા બધા કામોમાં વ્યસ્ત રહીએ, જયારે અઝાનનો અવાજ સાંભળીએ અને નમાઝનો ટાઇમ થઈ ગયો હોય તો પણ નમાઝને મહત્વ ન આપીએ, જયારે કે હકીકી શીઆને નમાઝના ટાઈમ ઉપર ઓળખવામાં આવે છે કે તે નમાઝ પઢે છે કે નહિ તે તપાસવામાં આવે છે? જો તે નમાઝ પઢતો હોય તો સમજો કે તે હકીકી શીઆ છે, અને હકીકી શીઆની ઓળખાણ ખાલી નમાઝ થી થાય છે બીજી કોઈ વસ્તુથી નથી થતી.
કામ ને કહો નમાઝ નો ટાઇમ છે
નમાઝને ન કહો કામનો ટાઇમ છે

ચાર નમાઝ
હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલ્યહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે;

મારી ઉમ્મતના ચાર અલગ અલગ ગ્રુપ છે:
1-એ જે નમાઝ તો પઢે છે પરંતુ તેમાં સુસ્તી કરે છે તેને હલ્કી સમજે છે તેઓને કુરઆનમા "વયૅલ" "ویل" કેહવમા આવ્યું છે
વાય છે (અફસોસ છે) તે નમાઝી ઉપર કે જે નમાઝને હલ્કી સમજે છે
(સૂરએ માઉન આયત ૫-૬)

2-એ કે જે ક્યારેક નમાઝ પઢે છે અને ક્યારેક નમાઝ નથી પઢતો તેની માટે કુરઆનમાં "ગય" "غی" કહેવામાં આવ્યું છે એટલે કે નમાઝનું ધ્યાન નથી રાખતા અને હવસની પેરવી કરે છે તેને જહન્નમના છેલ્લા ભાગમાં નાખવામાં આવશે.
(સૂરએ મરયમ આયત ૫૯)

3- કે જે અમુક દિવસ નમાઝ પઢે અને અમુક દિવસ નથી પઢતા તેમની માટે કુરઆનમાં "સકર" "سقر" કેહવામાં આવ્યું છે જયારે તેઓને પૂછવામાં આવશે કે તમને જહન્નમના બિલકુલ છેલ્લા તબક્કામાં કેમ નાખવામાં આવ્યા? તો તેઓ કહેશે કે અમે નમાઝ નોહતા પઢતા.
(સૂરએ મુદ્દસિર આયત ૪૩)

4- અમુક એ છે કે જે દિલથી નમાઝ પઢતા હશે જેમની માટે કુરઆન માં આવ્યું છે "અફલહ" "افلح" એટલે અમૂક એવા સાચા લોકો છે જેને નજાત મળી ગઈ કારણકે તેઓ દિલથી નમાઝ પઢતા હતા.
(સૂરએ મોમેનુન આયત ૧-૨) (અલ્મવાએઝુલ અદદિયા બાબે ૪ પેજ ૧૨૨)
કુરાન માં સૂરએ માઉન માં નમાઝ માં બેદરકારી કરવા વાળા ઉપર વાય કરવામાં આવેલ છે
(૪) વાય થાય તે નમાઝ પઢનારાઓ માટે;
(૫) કે જેઓ પોતાની નમાઝમાં બેદરકારી કરે છે:

સૂરએ માઉન આયત 4 અને 5 માં કેહવામાં આવ્યું છે કે વાય થાય નમાઝ પઢનાર ઉપર કારણકે તેઓ નમાઝમાં બેદરકારી કરે છે.

તો જયારે પણ નમાઝ પઢો દિલ થી પઢો, નહિ તો તમારી નમાઝ માટે અલ્લાહે વાય કહેલ છે.

નમાઝ દિલથી પડવાની હોય છે આપણું ધ્યાન ખાલી નમાઝમાં હોવું જોઈએ અલગ અલગ વિચાર ન આવવા જોઈએ.

દિલથી નમાઝ પડવા માટે જરૂરી છે કે ઇન્સાન નમાઝનો તરજુમો યાદ રાખે, નમાઝમાં મખરઝ અને ઉચ્ચાર ઉપર ધ્યાન રાખે, એટલે કયો અક્ષર કયાંથી અદા

કરવાનો છે અને કેવી રીતે અરબીમાં પડવાનો છે... તો આપણું ધ્યાન નમાઝ માં સારું રહી શકે છે........

૨- ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ગૈબત નો ઝમાનો આપણી માટે શીયાઓ માટે ઈમામના મોહીબ્બો માટે ખુબજ અઘરો સમય છે. પરીક્ષા અને ઈમ્તહાન નો સમય છે. આ જમાનામાં આપણે જીંદગી કેવી રીતે ગુજારવી તે ઘણું અઘરું કામ છે. ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે જ્યારે સાહેબુલ અમ્ર (અ.ત.ફ.શ.)ની ગૈબતનો ઝમાનો હશે ત્યારે એ ઝમાનાના દીનદાર લોકો માટે ઘણો સખ્તીનો  જમાનો હશે (અલગ અલગ સવાલો લોકોના દિલમાં આવશે ફિતના ફસાદ નો માહોલ હશે વગેરે) તે જમાનામાં લોકોને પોતાની મહેનતથી પોતાની દીન બચાવીને રાખવો પડશે કારણકે ઇમામની ગૈબત ઘણી મોટી ગૈબત હશે અને જે લોકો ખુદાથી ડરતા હશે તે પોતાના દીનને પકડી રાખશે.

એટલે આજના ઝમાનામાં આપણે લોકોને બચી બચીને જીંદગી ગુજારવી પડશે દુશ્માનોથી બચીને રહેવું પડશે, દુશ્મનો એવી રીતે આપણા દીનમાં ઘુસીને આપણી ઉપર વાર કરશે કે આપણને ખબર પણ નહિ પડે કે આ દુશ્મન છે અથવા દોસ્ત ? અગર આપણી પાસે ઇલ્મ હશે. દીનની માલુમાત હશે મજલીસ, માતમ, અઝાદરી, નમાઝ, રોઝા વગેરેના પાબંદ હશુ દીલથી ખુદાની ઇબાદત કરતા હશુ.

આદતના લીધે ઇબાદત ન કરતા હોય, તો આપણે પણ એક સાચા શીઆ તરીકે જીંદગી ગુજારી શકશુ અને મૌત પણ હકીકી મૌત મરશું અને આપસમાં હળી મળીને એક બીજાના આપસી મામલા હલ કરશું તો બીજા કોઈ આપણી ઉપર વાર નહી કરી શકે અગર આપણી કોમ આપસમાં લડતી રહેશે તો બીજા લોકો આપસના ઝઘડાનો ગલત ઇસ્તેમાલ કરીને આપસમાં વધારે ફીત્ના અને ફસાદ ફેલાવશે, તો ખુદા પાસે આપણે દુઆ માંગીએ ખુદાયા અમારા લોકોની અંદર જે ફીત્નો અને ફસાદ ફેલાવે છે તેમને નાબુદ કર, અને અમને લોકોને હળી મળીને સાચા દીન અને મઝહબ ઉપર ચાલવાની તૌફીક આપ. અને અત્યાર સુધી આ કિતાબમાં અથવા બીજું જેટલું ઇલ્મ હાસિલ કર્યું છે એમની ઉપર અમલ કરવાની તૌફીક આપો. ૧૪ મઅસુમીન (અ.સ.) ના વસીલાથી આમીન....

લી. મોલાના મોહમ્મદ તકી હાફીઝ કુમ્મી, ભાવનગર.
અલ્વી હદીસ ગ્રુપ ૯૬૨૪૮૨૯૩૧૪

# ઈસાલે સવાબ

**અમારા આ મરહુમો અને તમારા મરહુમો માટે એક સુરે ફાતેહા પડી બખ્શી આપજો**

## મર્હૂમ મેહબૂબ ભાઈ મર્ચન્ટ
## મર્હૂમ મોહમ્મદ હુસૈન હાફીઝ
## મર્હૂમ અલી હસનૈન હાફીઝ
## માર્હુમાં ફાતેમા બાનું હાફીઝ

**અને હાફીઝ પરિવારના તમામ મરહુમો માટે એક વખત સુરે અલ્હમ્દ ત્રણ વખત સુરે ઈખ્લાસ પાંચ વખત સલવાત પડી જનાબે ફાતેમા ઝહરા (સ.અ)ને હદીયો કરવા ગુજારીશ**